dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 148 | AD - 2026, Fagan Sud - 03 | Friday, Dt. 06-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા : 'નિતીશ' હવે બિહાર છોડી કેન્દ્રના રાજકારણમાં પ્રવેશ કરશે

# બિહારમાંથી નીતિશ આઉટ : રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવી

પટણા,તા.૦૫

બિહારના રાજકારણમાં છેલ્લા બે દાયકાથી 'ચાણક્ય' ગણાતા નીતિશ કુમારે રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવીને એક મોટા રાજકીય પરિવર્તનનો સંકેત આપ્યો છે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓની હાજરી એ વાતની પુષ્ટિ કરે છે કે હવે બિહારની કમાન નવા હાથોમાં સોંપવાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. નીતિશ કુમાર હવે પટણાનું સ્થાનિક રાજકારણ છોડીને દેશના પાટનગર દિલ્હીમાં પોતાની નવી ભૂમિકા ભજવશે. નીતિશ કુમારનો આ નિર્ણય બિહારમાં સત્તા પરિવર્તન તરફ ઈશારો કરે છે. છેલ્લા ૨૦ વર્ષમાં નીતિશ કુમાર ભલે ગમે તે પક્ષ સાથે ગઠબંધનમાં રહ્યા હોય, પરંતુ મુખ્યમંત્રીની ખુરશી હંમેશા તેમની પાસે જ રહી છે. હવે પ્રશ્નએ ઊભો થયો છે કે બિહારનો આગામી વારસદાર કોણ હશે? ભાજપ વિધાનસભામાં ૮૯ બેઠકો સાથે સૌથી મોટો પક્ષ છે, તેથી એવી પૂરેપૂરી શક્યતા છે કે



બિહારને ઈતિહાસમાં પહેલીવાર ભાજપનો મુખ્યમંત્રી મળી શકે છે. બિહારની રાજનીતિમાં લાલુ પ્રસાદ યાદવ, સુશીલ મોદી, રામવિલાસ પાસવાન અને શરદ યાદવ જેવા નેતાઓનો દબદબો રહ્યો હતો. નીતિશ કુમાર આ પેઢીના છેલ્લા સક્રિય અગ્રણી નેતા હતા જે અત્યાર સુધી રાજ્યની કમાન સંભાળી રહ્યા હતા. તેમના દિલ્હી પ્રયાણ સાથે બિહારના રાજકારણમાં એક સુવર્ણ પેઢીનો અંત આવશે અને નવા યુવા નેતાઓ માટે મેદાન મોકળું થશે.

પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં નીતિશે ભાવુક થતા જણાવ્યું હતું કે, બિહારની જનતાએ બે દાયકાથી વધુ સમય સુધી તેમના પર વિશ્વાસ મૂક્યો છે. તેમણે ખાતરી આપી છે કે ભલે તેઓ દિલ્હી જઈ રહ્યા હોય, પરંતુ 'વિકસિત બિહાર' બનાવવા માટે તેમનું માર્ગદર્શન અને ટેકો હંમેશા નવી સરકારને મળતો રહેશે.

## નીતિશ કુમારના નિર્ણયથી કાર્યકરોની જદયુ કાર્યાલયમાં તોડફોડ

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારના રાજ્યસભામાં જવાના નિર્ણયથી જનતા દળ (યુનાઈટેડ) માં ભારે ભડકો થયો છે. પટના સ્થિત પાર્ટી મુખ્યાલયમાં કાર્યકરોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો, જેમાં તેમણે ઓફિસના ફર્નિચર અને ભોજનની વ્યવસ્થામાં વ્યાપક તોડફોડ કરી હતી. કાર્યકરોનો આરોપ છે કે જ્યારે પાર્ટી સંકટમાં છે, ત્યારે કેટલાક નેતાઓ ઉજવણી કરી રહ્યા છે, જે અસહ્ય છે.

પક્ષના એક વર્ગનું માનવું છે કે નીતિશ કુમારનો દિલ્હી જવાનો નિર્ણય સ્વયંભૂ નથી, પરંતુ ભાજપ અને કેન્દ્ર સરકારના દબાણનું પરિણામ છે. હાલમાં જદયુ બે જૂથોમાં વહેંચાયેલું જણાય છે-એક જૂથ જે ભાજપ સાથેના જોડાણને ટેકો આપે છે અને બીજું જે પછાત જાતિના રાજકારણને પ્રાધાન્ય આપે છે. પટનામાં જેડીયુ કાર્યાલય અને રાજભવન વચ્ચે કાર્યકરોની ભારે ભીડ એકઠી થઈ છે, જેઓ નીતિશ કુમારને બિહાર ન છોડવા વિનંતી કરી રહ્યા છે.

# ઈરાન પર હુમલા માટે અમેરિકા ભારતીય બંદરોનો ઉપયોગ કરતું હોવાનો ભારતનો સ્પષ્ટ ઈન્કાર

નવી દિલ્હી,તા.૦૫

ભારત સરકારે તે તમામ અહેવાલો અને દાવાઓને સદંતર નકારી કાઢ્યા છે જેમાં કહેવામાં આવ્યું હતું કે અમેરિકન નૌકાદળ ઈરાન પર હુમલો કરવા માટે ભારતીય બંદરો અથવા નૌકાદળના મથકોનો ઉપયોગ કરી રહ્યું છે. ભારતીય વિદેશ મંત્રાલયે આ આરોપોને 'પાયાવિહોણા અને બનાવટી' ગણાવીને ફગાવી દીધા છે. આ વિવાદની શરૂઆત અમેરિકન ન્યૂઝ ચેનલ 'વન અમેરિકા ન્યૂઝ નેટવર્ક' (OAN) પર પૂર્વ યુએસ




આર્મી કર્નલ ડગ્લાસ મેકગ્રેગરના ઈન્ટરવ્યુથી થઈ હતી. મેકગ્રેગરે દાવો કર્યો હતો કે ઈરાન સાથેના સંઘર્ષમાં અમેરિકાની પોતાની બંદર સુવિધાઓ અને માળખાકીય સુવિધાઓને ભારે નુકસાન થયું છે, જેના કારણે યુએસ નેવી હવે ભારતીય બંદરો પર નિર્ભર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે આ કોઈ આદર્શ સ્થિતિ નથી પરંતુ મજબૂરી છે. વિદેશ મંત્રાલયના સત્તાવાર ફેક્ટ-ચેક યુનિટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર સ્પષ્ટતા કરતા જણાવ્યું કે આ પ્રકારના સમાચાર સંપૂર્ણપણે ખોટા અને બનાવટી છે. મંત્રાલયે જનતાને વિનંતી કરી છે કે ભારતની ભૂમિકા વિશે ફેલાવવામાં આવતા આવા ભ્રામક નિવેદનોથી સાવધ રહેવું. નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરીથી અમેરિકા અને ઈઝરાયલે ઈરાનના મિસાઈલ ભંડારો અને પરમાણુ કાર્યક્રમો વિરુદ્ધ લશ્કરી કાર્યવાહી તેજ કરી છે. જોકે, ભારત આ સંઘર્ષમાં પોતાની તટસ્થતા જાળવી રાખવા અને પ્રાદેશિક શાંતિ માટે કટિબદ્ધ હોવાનું પુનરોચ્ચાર્યું છે.

# પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી ૬થી ૭ તબક્કામાં યોજાવાની સંભાવના

કોલકાતા,તા.૦૫

ભારતીય ચૂંટણી પંચ દ્વારા માર્ચના મધ્યમાં પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી માટેનું કેલેન્ડર જાહેર કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. આ યાદીમાં પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આસામ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીનો સમાવેશ થાય છે. પશ્ચિમ બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવ્યૂ) પ્રક્રિયાને કારણે ચૂંટણી થોડી મોડી યોજાઈ શકે છે.ચૂંટણી પંચે શરૂઆતમાં બંગાળમાં મતદાનના તબક્કા ઘટાડવાની આશા વ્યક્ત




કરી હતી, પરંતુ આંતરિક મૂલ્યાંકન મુજબ છથી ઓછા તબક્કામાં ચૂંટણી યોજવી અશક્ય જણાય છે. ૨૦૨૧માં કોવિડ વચ્ચે આઠ તબક્કામાં અને ૨૦૧૬માં છ તબક્કામાં મતદાન થયું હતું. આ વખતે પણ ૬ થી ૭ તબક્કા રાખવાની વિચારણા છે, જેથી સુરક્ષા દળોનું વ્યવસ્થાપન જળવાઈ રહે. રાજ્યમાં અત્યારથી જ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોની ૨૦૦થી વધુ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે.તમામ રાજ્યોમાં નવી સરકારની રચના માટે ચોક્કસ તારીખો નક્કી છે, જે મુજબ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે:પશ્ચિમ બંગાળ: ૭ મે, ૨૦૨૬, તમિલનાડુ: ૧૦ મે, ૨૦૨૬,આસામ: ૨૦ મે, ૨૦૨૬,કેરળ: ૨૩ મે, ૨૦૨૬, પુડુચેરી: ૧૫ જૂન, ૨૦૨૬.બંગાળમાં ૬૦ લાખથી વધુ મતદારોના ભાવિ અંગે હજુ અનિશ્ચિતતા છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ SIR પ્રક્રિયાના વિરોધમાં ૬ માર્ચે ચૂંટણી પંચ સામે ધરણા કરવાની જાહેરાત કરી છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના નેતૃત્વમાં પંચ ટૂંક સમયમાં બંગાળ અને કેરળની મુલાકાત લઈને આખરી નિર્ણય લેશે.

### ટી-૨૦ વર્લ્ડ કપ ફાઈનલમાં ભારત રવિવારે ન્યુઝીલેન્ડ સામે અમદાવાદમાં ટકરાશે

# અંગ્રેજોને કચડી ભારતનો વટભેર ફાઈનલમાં પ્રવેશ

મુંબઈ,તા.૦૫

મુંબઈના વાનખેડેના મેદાન પર રમાયેલી ટી-૨૦ વર્લ્ડ કપની અત્યંત મહત્વપૂર્ણ સેમીફાઈનલ મેચમાં ભારતીય ટીમે શાનદાર રમતનું પ્રદર્શન કરીને ઈંગ્લેન્ડને સાત રનથી પરાજય આપ્યો છે. મેચની શરૂઆતથી જ બંને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી પરંતુ અંતે ભારતીય બોલરોએ મેચમાં પાસું પલટી નાખ્યું હતું. ભારતે પ્રથમ બેટિંગ




કરતા નિર્ધારિત ૨૦ ઓવરમાં ૨૫૩ રનનો સ્કોર ઊભો કર્યો હતો જેમાં ઓપનર સંજુ સેમસને ૮૯ રનની મહત્વપૂર્ણ ઈનીંગ રમી હતી. વનડાઉન કિશાન ઈશાને પણ ૩૯ રન બનાવ્યા હતા. શિવમ દુબે ઝડપી ૪૩ રનની બનાવી રનઆઉટ થયો હતો. હાર્દિક પંડ્યાએ ૨૭ રનની મહત્વની ઈનીંગ રમી હતી. ભારતે બનાવેલા ૨૫૩ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલ ઈંગ્લેન્ડને હાર્દિક પંડયાએ સસ્તામાં સોલ્ટને આઉટ કરી જટકો આપ્યો હતો. ટીમને તો કેપ્ટન હેરી બ્રુકનો અક્ષર પટેલે શાનદાર કેચ કરી ઈંગ્લેન્ડની બીજી વિકેટ ખેરવી હતી. ભારતીય બોલરોએ આખરી ઓવરોમાં રન ગતિ પર અંકુશ મેળવ્યો હતો. જસપ્રીત બુમરાહની અંતિમ ઓવરોમાં સચોટ યોર્કર સામે ઈંગ્લિશ બેટ્સમેનો લાચાર જણાતા હતા. ઈંગ્લેન્ડ તરફથી જેકબ બ્રેથેલે સદી ફટકારી હતી. પરંતુ પોતાની ટીમને જીત અપાવી શક્યો નહોતો. આ જીત સાથે ભારત ફાઈનલમાં પહોંચી ગયું છે. ભારતની આ જીતથી સમગ્ર દેશમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# વિશાખાપટ્ટનમથી પરત ફરી રહેલા ઈરાની જહાજ પર અમેરિકાનો હુમલો : ૮૭ સૈનિકોના મોત

વિશાખાપટ્ટનમ,તા.૦૫

અમેરિકા દ્વારા શ્રીલંકાના દરિયાકાંઠા નજીક ઈરાની યુદ્ધ જહાજ આઈરિસ દેના પર કરવામાં આવેલ હુમલો અત્યંત ગંભીર આંતરરાષ્ટ્રીય ચિંતાનો વિષય બન્યો છે. ભારતના વિશાખાપટ્ટનમથી પરત ફરી રહેલા આ જહાજને અમેરિકન સબમરીને ટોર્પિડો દ્વારા નિશાન બનાવતા તે ડૂબી ગયું હોવાના અહેવાલ છે. આ દુર્ઘટનામાં ૮૭ સૈનિકોના કરુણ




મોત નીપજ્યા છે અને અનેક લોકો હજુ પણ ગુમ હોવાથી શોધખોળ ચાલુ છે. શ્રીલંકન નૌકાદળ દ્વારા બચાવ કાર્ય હાથ ધરીને ૩૨ ઘાયલોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પીટ હેગસેથના નિવેદન બાદ પશ્ચિમ એશિયા અને હિંદ મહાસાગરમાં સુરક્ષાની સ્થિતિ વધુ વણસી શકે છે અને રાજદ્વારી તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે.









રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ભાયાવદર, વાવડીરોડ, તાલાળી સહિતના ગામોના

# કુંકાવાવ તાલુકાના ગ્રામ્ય વિસ્તારો કરોડો રૂપિયાના વિકાસકામોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૦૫



કુંકાવાવ તાલુકાના ભાયાવદર, વાવડીરોડ અને તાલાળી ખાતે રાજ્યના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા દ્વારા લોકઉપયોગી વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

ભાયાવદરમાં ચોમાસા દરમિયાન ગ્રામજનોને પૂરના જોખમથી બચાવવા માટે અંદાજે રૂ. ૩૦ લાખના ખર્ચે પુરસંરક્ષણ દિવાલનું નિર્માણ થશે. આ ઉપરાંત વાવડી-ચોંકી-સનાળા-લાખાપાદર-ઈશ્વરીયા રોડ પર માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૨ કરોડથી વધુના ખર્ચે ચાર નવા સ્લેબ ડ્રેઈન બનાવવામાં આવશે, જેનાથી વાહનવ્યવહાર વધુ સુલભ બનશે. જળ સંચયને વેગ આપવા માટે વાવડીરોડના બે હયાત તળાવોનું રૂ. ૨૨ લાખના ખર્ચે નવીનીકરણ હાથ ધરાશે, જે ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. સાથે જ તાલાળી મુકામે રૂ. ૨૫ લાખના ખર્ચે અત્યાધુનિક પંચાયત ભવનનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોમાં તાલુકા પંચાયત પ્રમુખ સહિત સ્થાનિક આગેવાનો અને સરપંચો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં રૂા.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલ ટાઉનહોલનું લોકાર્પણ

બગસરા,તા.૦૫



તસવીર : મયુર પંડયા

બગસરા નગરપાલિકા દ્વારા અંદાજે ૫૦ લાખ રૂપિયાના ખર્ચે નવનિર્મિત થયેલા ટાઉનહોલનું તાજેતરમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરેલીના સાંસદ ભરત સુતરિયા, ઉર્જામંત્રી કૌશિક વેકરિયા અને જે.વી. કાકડીયા, પ્રદિપ ભાખર, રશ્વિનભાઈ ડોડીઆ, રાજુભાઈ ગીડા, એ.વી.રીબડીયા સહિતના રાજકીય અગ્રણીઓએ વિશેષ હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન નગરપાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન રીબડીયા અને ચીફ ઓફિસર મિત્તલબેન ભાલાળા સહિત વિવિધ સામાજિક સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં એન.સી.સી. કેડેટ્સને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# સા.કુંડલા નગરપાલિકાના રૂ.૧૮૨ કરોડના બજેટને વિરોધ વચ્ચે મંજૂરી

સાવરકુંડલા,તા.૦૫



સાવરકુંડલા નગરપાલિકાની સામાન્ય સભામાં પ્રમુખ મેહુલ ત્રિવેદી દ્વારા રજૂ કરવામાં આવેલું રૂ.૧૮૨ કરોડનું અંદાજિત બજેટ બહુમતી સાથે પસાર કરવામાં આવ્યું છે. કુલ ૨૯ સભ્યોમાંથી ૨૨ સભ્યોએ બજેટના સમર્થનમાં મતદાન કર્યું હતું, જ્યારે ભાજપના બે અને કોંગ્રેસના પાંચ મળી કુલ સાત સભ્યોએ વિરોધ નોંધાવ્યો હતો. આ બજેટમાં શહેરના વિકાસકાર્યો અને નાગરિક સુવિધાઓ પર ભાર મૂકવામાં આવ્યો હોવાનો દાવો સત્તાધારી પક્ષ દ્વારા કરવામાં આવ્યો છે. જોકે, વિપક્ષી નેતા નાસિર ચૌહાણ અને પૂર્વ પ્રમુખ ડી.કે. પટેલે બજેટના આંકડાઓ પર ગંભીર સવાલો ઉઠાવીને તેને માત્ર આંકડાકીય માયાજાળ ગણાવી હતી. વિપક્ષી નેતા નાસિર ચૌહાણે બજેટના આંકડાઓમાં રહેલી મોટી ક્ષતિ તરફ ધ્યાન દોરતા જણાવ્યું હતું કે, બજેટના પ્રથમ પેરા મુજબ ૧ એપ્રિલ ૨૦૨૫ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીના નવ મહિનાના ગાળામાં રૂ.૪૫.૧૮ કરોડનો ખર્ચ દર્શાવાયો છે. તેની સામે માત્ર ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીમાં રૂ.૭૨.૧૭ કરોડનો જંગી ખર્ચ અંદાજવામાં આવ્યો છે. નવ મહિના કરતા ત્રણ મહિનાનો ખર્ચ બમણો દર્શાવવા પાછળના તર્ક પર વિપક્ષે સવાલ ઉઠાવ્યા હતા. બજેટમાં આ પ્રકારની ગણતરીઓ અતાર્કિક હોવાનું જણાવી વિરોધ પક્ષે આ બજેટને લોકહિતના બદલે માત્ર કાગળ પરનું આયોજન ગણાવ્યું હતું.

કાર્યક્રમમમાં રાજયમંત્રી જીતુભાઈ વાઘાણી, કૌશિક વેકરીયા હાજર રહેશે, સાંસદ ભરત સુતરીયાના હસ્તે ખાતમુહૂર્ત કરાશે

# અમરેલી શહેરમાં રૂા.૨૬૭.૪૫ લાખના ખર્ચે આજે ત્રિવિધ કાર્યક્રમ

અમરેલી,તા.૦૫

અમરેલી નગરપાલિકા દ્વારા શહેરમાં આધુનિક સુવિધાઓ અને માળખાગત વિકાસને વેગ આપવા માટે તા.૬માર્ચને શુક્રવારના રોજ સાંજે ૪:૩૦ કલાકે સરદાર સર્કલ પાસે 'ત્રિવિધ ખાતમુહૂર્ત કાર્યક્રમ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત અંદાજે રૂ. ૨૬૭.૪૫ લાખના વિવિધ વિકાસકામોની ભેટ શહેરને આપવામાં આવશે. આ કાર્યક્રમમાં જિલ્લાના પ્રભારી જીતુભાઈ વાઘાણી, રાજ્યના કાયદા અને ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા ઉપસ્થિત રહેશે. ખાતમુહૂર્ત વિધિ અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે કરવામાં આવશે. સાંજે ૬ કલાકે ટાવરનું રીનોવેશન કરવામાં આવશે. આ પ્રસંગે BAPS સ્વામિનારાયણ મંદિરના સંતોના આશીર્વચન પણ પ્રાપ્ત થશે.આ ખાતમુહૂર્ત પ્રસંગે કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી ખાસ હાજર રહેશે. જયારે અતિથી વિશેષ તરીકે પી.પી.સોજીત્રા, જિલ્લા ભાજપ મહામંત્રી રાજુભાઈ ભુતૈયા, મયુરભાઈ માંજરીયા, ચેતનભાઈ શિયાળ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલીયા હાજર રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, ઉપપ્રમુખ બિનાબેન વી.કાલેણા, મનિષભાઈ ધરજીયા, ચીફ ઓફિસર વી.જી.રાઠોડે આમંત્રણ પાઠવ્યું છે.

# પીઠવડી ગામે પત્નીને તેડવા આવેલા પતિનો હિંસક હુમલો

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામે કૌટુંબિક ઝગડામાં લોહિયાળ હિંસાની ઘટના સામે આવી હતી. છેલ્લા ૨૦ દિવસથી રિસામણે રહેલી પત્નીને તેડવા માટે આવેલા પતિએ ઉશ્કેરાઈ જઈને સાળા અને સાહેદ મહિલા પર લોખંડના સળિયા વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે હેમંતભાઈ દાનાભાઈ મહીડા (ઉ.વ.૩૫) એ ધારીના જયભાઈ અર્જુનભાઈ ગંગલ સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગત મુજબ, પીઠવડી ગામે રહેતા તેની બહેન રંજનબેન તેમના પતિના ત્રાસથી કંટાળીને છેલ્લા વીસેક દિવસથી પિયરમાં ભાઈ સાથે રહેતા હતા. દંપતી વચ્ચે લાંબા સમયથી મનમેળ ન હોવાથી રંજનબેન રિસામણે હતા. આ દરમિયાન આરોપી પતિ અવારનવાર ફોન કરીને રંજનબેન સાથે ઝગડો કરતો હતો. રંજનબેન પિયરમાં હતા ત્યારે આરોપીએ પીઠવડી ગામે ધાર-કેરાળા રોડ પર આવેલા તેમના ઘરે ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. આરોપીએ પોતાની પાસે રહેલા લોખંડના સળિયા વડે તેની અને સાહેદ મનીષાબેન પર હુમલો કર્યો હતો. આરોપીએ તેના ડાબા પગના ગોઠણના ભાગે સળિયાનો ફટકો મારતા ત્યાં ફેક્ચર જેવી ગંભીર ઈજા થઈ હતી. તેમજ ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ આર બી મારૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં ગુંજ્યો હિન્દુત્વનો નાદ: વિરાટ હિન્દુ સંમેલન યોજાયુ

અમરેલી,તા.૦૫




શ્રી રામસેતુ સેવા સમિતિ સુખનાથપરા અને માણેકપરા, અમરેલી દ્વારા ૪ માર્ચના રોજ એક ભવ્ય 'વિરાટ હિન્દુ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત વંદે માતરમ ગાનથી થઈ હતી, ત્યારબાદ સમિતિના અધ્યક્ષ પ્રકાશભાઈ ધોળકિયાએ પ્રાસંગિક સ્વાગત પ્રવચન કર્યું હતું. શાળાના બાળકોએ આકર્ષક સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

સંમેલનમાં મુખ્ય વક્તા ડૉ. હીમ પરીખે 'પંચ પરિવર્તન' અંતર્ગત કુટુંબ પ્રબોધન, પર્યાવરણ અને સ્વદેશી જેવા વિષયો પર સચોટ વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે નરસિંહ મહેતાના 'વૈષ્ણવજન' પદ દ્વારા હિન્દુ ધર્મની માર્મિક વ્યાખ્યા સમજાવી હતી. આ ઉપરાંત, નિકિતાબેન પંડયા, ત્યાગી મોરારીદાસ બાપુ, હરિપ્રસાદ સ્વામી અને પૂજ્ય સુખ સ્વામીએ સ્ત્રી સશક્તિકરણ, રાષ્ટ્રભક્તિ અને વર્તમાન સમયમાં નાગરિક કર્તવ્ય વિશે પ્રેરણાદાયી વિચારો વ્યક્ત કર્યા હતા. શિસ્તબદ્ધ રીતે યોજાયેલા આ કાર્યક્રમમાં ભોજન વ્યવસ્થામાં પણ પર્યાવરણની જાળવણીનો વિશેષ ખ્યાલ રાખવામાં આવ્યો હતો. અંતમાં મંત્રી જીગ્નેશભાઈ સાવલિયાએ આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

વિવિધ વક્તાઓ દ્વારા રાષ્ટ્રભક્તિ અને સામાજિક મૂલ્યોનું માર્ગદર્શન અપાયુ

# અમરેલીમાં "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ હેઠળ અરજદારનું ગુમ થયેલ એક્ટિવા પોલીસે પરત અપાવ્યું

અમરેલી,તા.૦૫



જિલ્લામાં "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત અરજદારોની ગુમ થયેલ મિલકત શોધી પરત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે અમરેલી સીટી પોલીસે એક અરજદારનું ગુમ થયેલ મોટર સાઈકલ શોધી કાઢી મૂળ માલિકને સોંપ્યું છે. ઘટનાની વિગત મુજબ, રાજકોટના રહેવાસી અરજદાર નંદકીશોરભાઈ પ્રતાપભાઈ કોટીલા ગત તા. ૧૦/૦૨/૨૦૨૬ ના રોજ અમરેલીના માણેકપરા વિસ્તારમાં આવ્યા હતા, જ્યાંથી તેમની હોન્ડા કંપનીની એક્ટિવા મોટર સાઈકલ ગુમ થઈ હતી. આ અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવતા સર્વેલન્સ ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. સર્વેલન્સ ટીમ અને કમાન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) ની મદદથી રૂ.૩૫,૦૦૦ની કિંમતનું એક્ટિવા શોધી કાઢવામાં આવ્યું હતું. આ કામગીરીમાં પી.એસ.આઈ. આર.ડી. કુવાડીયા અને સીટી પોલીસ સર્વેલન્સ ટીમે જહેમત ઉઠાવી છે.

# બગસરાની સતવારા સમાજની વાડી ખાતે હિન્દુ સંમેલન યોજાયુ

અમરેલી,તા.૦૫



બગસરાની સતવારા વાડી ખાતે જય ભવાની હિન્દુ જાગરણ સમિતિ દ્વારા એક વિશેષ હિન્દુ સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં એકતા અને જાગૃતિ લાવવાનો હતો. આ મહત્વપૂર્ણ કાર્યક્રમ અંગેની વિગતવાર માહિતી હિન્દુ જાગૃતિના અગ્રણી જયેશભાઈ પંડયા દ્વારા પૂરી પાડવામાં આવી હતી. આ સંમેલનમાં જય ભવાની હિન્દુ જાગરણ સમિતિના અધ્યક્ષ મહેશભાઈ વ્યાસ, રશ્વિનભાઈ ડોડીઆ, અનિલભાઈ વેકરીયા, સમિતિના સભ્યો સહિત બહોળી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા
ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી
વગેરેના ટાયર
10% GST ઘટાડા
સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો
ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા
સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ,
અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક,
ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયાની હાજરીમાં

# કુંકાવાવ-વડીયાના ૪૫ ગામડાઓમાં જળસંચય અભિયાનનો શંખનાદ કરાયો

અમરેલી,તા.૦૫

કુંકાવાવ-વડીયા તાલુકાના ૪૫ ગામડાઓમાં એકસાથે જળસંચય અભિયાનનો શંખનાદ કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ અભિયાનના પ્રારંભે આયોજિત સરપંચ સંમેલનમાં રાજ્યના ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ અમરેલી વિધાનસભાના તમામ ગામડાઓમાં જળસંચયના કાર્યોને ગતિ આપીને વિકાસની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે ગ્રામજનોને તળાવ ઊંડા ઉતારવાની કામગીરી પર સતત દેખરેખ રાખવા આગ્રહ કર્યો હતો. બરવાળા બાવીસી મુકામે ૫૫ લાખના ખર્ચે નવા ગ્રામ પંચાયત ભવન અને તળાવના રીનોવેશન સહિતના ૧૧ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.





સાથે જ ૩૫ લાખના ખર્ચે તૈયાર થયેલ રોડ-રસ્તા અને પાણીની ટાંકીના વાલ હેડ યુનિટ જેવા ૧૨ પ્રકલ્પોનું લોકાર્પણ થયું છે. વધુમાં, જળસંચયને વેગ આપવા માટે ૬૦ લાખના ખર્ચે બે તળાવના રીનોવેશનની જાહેરાત કરવામાં આવી છે. બરવાળા બાવીસી મુકામે આયોજિત સરપંચ સંમેલન અને વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત ,લોકાર્પણ પ્રસંગે તાલુકા પંચાયત હોદ્દેદારો, ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, વિવિધ ગામના સરપંચો, સ્થાનિક આગેવાનો, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, કુંકાવાવ-વડીયાના ૪૫ ગામડાઓમાં તળાવ ઉંડા ઉતારવાની કામગીરી અને જળ સંચય અભિયાન માટે અંદાજે રૂ. ૭ કરોડથી વધુની રકમનો ખર્ચ થશે. આ કામગીરી રાજકોટ સ્થિત શ્રી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ સાથે સંયુક્ત સહકારથી કરવામાં આવશે. કુલ ૬૦ દિવસ સુધી દરરોજ કુલ ૧૦ કલાક હીટાચી મશીન ચલાવવામાં આવશે અને તળાવો ઉંડા ઉતારવામાં આવશે.

બરવાળા બાવીસી મુકામે ૫૫ લાખના ખર્ચે નવા ગ્રામ પંચાયત ભવન અને તળાવના રીનોવેશન સહિતના ૧૧ વિકાસકામોનું ખાતમુહૂર્ત

# બાબરાના મિયા ખીજડીયા-પાનસડા રોડના રીસર્ફેસિંગ માટે રૂ. ૩ કરોડનો ખર્ચ ધારાસભ્યે મંજૂર કરાવ્યો

લાઠી,તા.૦૫



લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે બાબરા તાલુકાના મિયા ખીજડીયા અને પાનસડા ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગનો ઉપયોગ કરી રહેલા પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે. મિયા ખીજડીયા અને પાનસડા ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનક તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજ્ય સરકારમાં રજૂઆત કરી હતી. આ રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૩ કરોડની ગ્રાન્ટ ફાળવી છે. ધારાસભ્ય જનક તળાવીયાએ આ અંગે જણાવ્યું હતું કે, લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજ્ય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ-મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરું છું.

# રાજયમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે અમરેલી તાલુકામાં રૂ. ૫ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૦૫

અમરેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાઓ વધારવા માટે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અંદાજિત રૂ. ૫ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ અંતર્ગત મોટા માંડવડા, બાબાપુર, તરવડા અને મેડી ગામોમાં આધુનિક 'સુવિધા પથ'ના નિર્માણની સાથે કેરાળા ગામે સી.સી. રોડ અને પુલનું કામ હાથ ધરાશે. આ પ્રોજેક્ટ્સ હેઠળ બાબાપુરમાં



સૌથી વધુ રૂ. ૧.૯૫ કરોડ અને અન્ય ગામોમાં લાખોના ખર્ચે માર્ગો તૈયાર થશે, જેનાથી પરિવહન સુગમ બનશે. મંત્રીશ્રીએ ગુણવત્તાયુક્ત કામ સમયમર્યાદામાં પૂર્ણ કરવા કોન્ટ્રાક્ટરોને તાકીદ કરી હતી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો આભાર માન્યો હતો. ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ચેરમેન માંગરોળીયા, સભ્ય મહિડા, તાલુકાના પંચાયતના પ્રમુખ કાનપરિયા, સભ્યશ્રીઓ, અગ્રણી ચેતનભાઈ ઘાનાણી, સંદિભાઈ સોલંકી, કાળુભાઈ વાળા, મધુભાઈ હરખાણી, વિવિધ ગામના સરપંચો, સ્થાનિક આગેવાનો, અધિકારીઓ તથા ગ્રામજનો મોટી ઉપસ્થિત રહ્યા હતા.

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલમાં હોલિકા દહન પર્વની ઉજવણી કરાઈ

અમરેલી,તા.૦૫

શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા ખાતે ૨ માર્ચ ૨૦૨૬, ફાગણ સુદ પૂનમના દિવસે ધોરણ ૪ થી કોલેજના હોસ્ટેલ વિદ્યાર્થીઓ દ્વારા દરવર્ષની પરંપરા મુજબ હર્ષોલ્લાસ સાથે હોલિકા દહન ઉજવવામાં આવ્યું હતું. હોલિકા દહનના દર્શન કર્યા બાદ વિદ્યાર્થીઓએ ભક્તિભાવપૂર્વક ગરબા લઈ પ્રદક્ષિણા કરી હતી. હોલિકા દહન અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે. ભક્ત પ્રહદને બચાવવા અને દુષ્ટ હોલિકાના અંતની યાદમાં આ અગ્નિ પ્રગટાવવામાં આવે છે. અગ્નિમાં નકારાત્મકતા, બૂરાઈ અને વાસનાત્મક આકર્ષણને પ્રતીકાત્મક રીતે સળગાવી નવી શરૂઆત, સદબુદ્ધિ અને સકારાત્મકતાનો સંદેશ આપવામાં આવે છે. કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ જણાવ્યું હતું કે, "પ્રહલાદ અને હોલિકાની કથા આપણને અડગ શ્રદ્ધા અને સત્યના માર્ગ પર ચાલવાની પ્રેરણા આપે છે. જીવનમાં મુશ્કેલીઓ આવે તો પણ સત્ય અને ભક્તિ અંતે વિજયી બને છે." આ પર્વને સફળ બનાવવા માટે સુપરવાઈઝરો અને ટીચિંગ -નોન ટીચિંગ સ્ટાફે જેહમત ઉઠાવી હતી.



GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ઘરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

સંકુલ ગર્લ્સ સાયંસ બપોર
સંકુલ મિશ્ર સાયંસ સવાર
સંકુલ EM સાયંસ સવાર
ધો. ૧૧-૧૨ બાયો-મેથ્સ પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ,ચક્કરગઢ રોડ અમરેલી -Ad213

# અમરેલીમાં હોળીકા દર્શન વખતે ગાડી ભટકાવા મુદ્દે બબાલ થઈ

અમરેલી, તા.૦૫


અમરેલીમાં હોળીકા દર્શન વખતે ગાડી ભટકાવા મુદ્દે બે પક્ષોમાં માથાકૂટ થઈ હતી. બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. આ અંગે બક્ષીપુર ગામે રહેતા જીવરાજભાઈ બચુભાઈ ડાબી (ઉ.વ.૬૩)એ માધવભાઈ પડસાલા, જીતુભાઈ પડસાલા, જગભાઈ પડસાલા, સંજયભાઈ પરમાર તથા અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમનો દીકરો તથા તેના પત્ની હોળીના તહેવાર સબબ તાત્કાલીક હનુમાનજી મંદિર પાસે હોળીકા દર્શન કરવા ગયા હતા. તે સમયે આરોપી જીતુભાઈની ફોરવ્હિલ ગાડીથી તેના દીકરાના મોટર સાયકલ સાથે ભટકાઈ જતા તેના દીકરાના મોટર સાયકલનો પંખો તુટી ગયેલ હોય ત્યારે બંન્ને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. બળતણનું લાકડું લઈ તેમને તથા સાહેદને શરીરે મુંઢ માર મારવા લાગ્યા હતા અન્ય આરોપીઓ તેમને પણ શરીરે મુંઢ માર મારી તેની કુટુંબીક દીકરીઓને બથમાં લઈ ઘા કરી ગુન્હાહિત બળ પ્રયોગ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ માધવભાઈ જીતેન્દ્રભાઈ પડસાલા (ઉ.વ.૨૪)એ બક્ષીપુરના કમલેશભાઈ જીવરાજભાઈ ડાભી, જીવરાજભાઈ બચુભાઈ ડાભી, બાલાભાઈ ડાભી, સમજુબેન જીવરાજભાઈ ડાભી, રીંકલબેન, સિધ્ધીબેન, દયાબેન, પાર્વતીબેન, જગદીશભાઈ મનસુખભાઈ ડાભી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેના પિતાજીથી કમલેશભાઈ ડાભીના મોટર સાયકલ સાથે ગાડી ભટકાય ગઈ હતી. આરોપીના મોટર સાયકલનો પંખો તુટી ગયો હતો. જે બાબતેનું સમાધાન કરવા તેઓ તથા સાહેદો આરોપીના ઘરે જતા આરોપીઓ એકી સાથે લાકડી, પાવડા લઈ મંડળી રચી ઘર બહાર આવી તેમને તથા સાહેદોને ગાળો આપી લાકડી, પાવડા વતી મુંઢમાર મારી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે કે પાંડવ વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**રાજકોટ**

ગં.સ્વ.શારદાબેન બાબુલાલ કારીયાનું દુઃખદ અવસાન થયેલ છે. તે બાબુલાલ જેઠાલાલ કારીયાના પત્ની, દિનેશભાઈ, રાજેશભાઈ, જયેશભાઈ, હંસાબેન ચંદ્રકાન્તભાઈ સોઢા તથા તરલીકાબન નરેન્દ્રકુમાર કોટકના માતૃશ્રી, કચરાભાઈ શામજીભાઈ સૌમેયાના દીકરી થાય છે. તેમનું ઉઠમણુ તથા પિયર પક્ષની સાદડી તા.૦૬ન. શુક્રવારના રોજ ૫:૦૦ થી ૬:૦૦ પંચનાથ મંદિર લીમડા ચોક, રાધાકૃષ્ણ હોલ રાજકોટ ખાતે રાખેલ છે.

હવે અમરેલી શહેરમાં...
Gyanmanjari Innovative University
दिव्यम् ददामि ते चक्षुः GMIU
જ્ઞાનમંજરી ઈનોવેટીવ યુનિવર્સીટી, ભાવનગર દ્વારા કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર
DIPLOMA | B.TECH | M.TECH | B.SC | M.SC | BCA | MCA | BBA | MBA | B.COM | M.COM | BA | MA | DESING | PH.D |
ADDMISION OPEN NOW IN AMRELI
www.gmiu.edu.in
70438 19956 | 99251 11132 | 75 74 949494



BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૨/૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬

વિવાદી :- શ્રી ડાંગર ખીમાભાઈ કરશનભાઈ
રહે.શિવાજી ચોક, લાઠી, તા.લાઠી, જી.અમરેલી

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - ચિફ ઓફીસરશ્રી
નગરપાલિકા મુ.લાઠી, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.લાઠી ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રીનો ડાંગર પ્રિન્સી ખીમાભાઈ નો જન્મ તા.૨૭/૦૫/૨૦૦૭ ના રોજ લાઠી, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૦/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

-:: જાહેર નોટીસ ::-

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.103/2026
જન્મ તારીખ : 01/06/1987

શ્રી ગફુરભાઈ ઓસમાણભાઈ ઈસબાણી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ગફુરભાઈ ઓસમાણભાઈ ઈસબાણી, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ઓસમાણભાઈ ઈસ્માઈલભાઈ ઈસબાણી તથા રહેમતબેન ઓસમાણભાઈ ઈસબાણી ના પુત્ર ગફુરભાઈ ઓસમાણભાઈ ઈસબાણીનો જન્મ તારીખ.01/06/1987ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.99/2026
જન્મ તારીખ : 01/06/2002

શ્રી ગફુરભાઈ અબુભાઈ ઈસબાણી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ગફુરભાઈ અબુભાઈ ઈસબાણી, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ગફુરભાઈ અબુભાઈ ઈસબાણી તથા જેતુનબેન ગફુરભાઈ ઈસબાણી ના પુત્ર દિલાવર ગફુરભાઈ ઈસબાણીનો જન્મ તારીખ.01/06/2002ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

# અમરેલી સીટી પોલીસે "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ હેઠળ અરજદારને ગુમ થયેલ મોબાઈલ પરત અપાવ્યો

અમરેલી,તા.૦૫

અરજદારોની ગુમ થયેલ મિલકત સત્વરે શોધી પરત કરવાના "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમને અમરેલી સીટી પોલીસે સફળ બનાવ્યો છે. અમરેલી પોલીસે એક અરજદારનો ગુમ થયેલ કિંમતી મોબાઈલ ફોન શોધી કાઢી તેમને પરત સોંપ્યો છે. ઘટનાની વિગત




મુજબ, અમરેલીના રહેવાસી અરજદાર અરવિંદભાઈ વાસમજીભાઈ નાગ્રેચા ગત તા. ૦૬/૦૬/૨૦૨૫ ના રોજ લાઠી રોડથી અમરેલી સીવીલ હોસ્પીટલ ખાતે ગયા હતા, તે દરમિયાન તેમનો મોબાઈલ ફોન ક્યાંક ગુમ થઈ ગયો હતો. આ અંગે અરજદારે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.કે. વાઘેલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ દ્વારા હ્યુમન સોર્સની મદદથી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસના અંતે ગુમ થયેલ ફોન, જેની કિંમત રૂ.૧૪,૫૦૦/- છે, તેને શોધી કાઢવામાં આવ્યો હતો. પોલીસે આ મોબાઈલ ફોન મૂળ માલિક અરવિંદભાઈને પરત સોંપી "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમની અમલવારી કરી છે.

# અમરેલીમાં પતિના અવસાન બાદ તણાવમાં રહેતી મહિલાએ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

અમરેલી, તા.૦૫

અમરેલીમાં આત્મહત્યાનો એક હૃદયદ્રાવક કિસ્સો સામે આવ્યો હતો, જેમાં પતિના મૃત્યુ બાદ સતત માનસિક ચિંતા અને એકલતા અનુભવતી મહિલાએ અંતિમ પગલું ભરી લીધું હતું. અજીતભાઈ દિલાવરભાઈ બેલીમ (ઉ.વ.૩૨) એ જાહેર કર્યા મુજબ, અમરેલીમાં રહેતા જેતુનબેન દિલાવરભાઈ બેલીમ (ઉ.વ.૬૦)ના પતિનું થોડા સમય પૂર્વે અવસાન થયું હતું. પતિના મૃત્યુ બાદ તે ગભરામણ અને માનસિક તણાવમાં રહેતી હતી. સમાજમાં થતી ખોટી વાતો અને મનમાં સતત આવતા નકારાત્મક વિચારોથી કંટાળીને દામનગરમાં બસ સ્ટેશન સામે સ્વદેશી મેળાના રમકડાનાં સ્ટોલે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી લીધો હતો. ઝેરી દવા પી લીધા બાદ તબિયત લથડતા તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ઝેરની અસર વધુ હોવાથી ટૂંકી સારવાર દરમિયાન હોસ્પિટલના બિછાણે તેમનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે. નવા ખીજડીયા ગામે રહેતા વિઠ્ઠલભાઈ મુળજીભાઈ કણક (ઉ.વ.૪૫) છેલ્લા બે વર્ષથી માનસિક થઈ ગયા હતા અને સુસાઈડ કરવું છે, મારે મરી જવું છે જેવું રટણ કરતાં હતા. તેણે ઘઉંમાં નાખવાના બે ટીકડા પી જતા સારવાર દરમિયાન મરણ પામ્યા હોવાનું મુકેશભાઈ મધુભાઈ કણક (ઉ.વ.૪૫)એ જાહેર કર્યું હતું.

# ખાંભાના નાના બારમણ ગામે પત્ની રિસામણે જતાં પતિએ ગળાફાંસો ખાધો

ખાંભા, તા.૦૫

ખાંભા તાલુકાના નાના બારમણ ગામે એક અરેરાટીભરી ઘટના સામે આવી હતી. જેમાં પત્ની રિસાઈને પિયર ચાલી જતાં તેના વિયોગમાં એક યુવકે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. આ અંગે અરજણભાઈ પ્રેમજીભાઈ પરમાર (ઉ.વ.૫૯) એ જાહેર કર્યા મુજબ, તેમના મૃતક પુત્ર અજયભાઈ અરજણભાઈ પરમાર (ઉ.વ.૨૮) ના પત્ની છેલ્લા ચારેક દિવસથી કોઈ કારણોસર રિસામણે પોતાના માવતરના ઘરે જતા રહ્યા હતા. પત્ની પિયર જતી રહેતા તે ભારે માનસિક તણાવમાં હતો.પત્નીના વિયોગમાં અથવા અન્ય કોઈ અગમ્ય કારણોસર તેણે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લીધો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે આર સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલા પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા ભરતભાઈ ગોહિલ વયમર્યાદાને કારણે નિવૃત

રાજુલા,તા.૦૫

રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ભરતભાઈ ગોહિલ વય મર્યાદાને કારણે નિવૃત્ત થતા પોલીસ મથક ખાતે એક ભવ્ય અને ભાવસભર વિદાય સમારંભ યોજાયો હતો. સરકારી સેવામાં નિવૃત્તિ એ અનિવાર્ય પ્રક્રિયા હોવા છતાં, સાથી કર્મચારીઓ માટે આ ક્ષણ


તસવીર : ગોપાલ રાઠોડ

અત્યંત સંવેદનશીલ બની રહી હતી. ભરતભાઈએ ૧૬ જુલાઈ ૧૯૯૪થી પોલીસ વિભાગમાં કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. તેમણે ૩૨ વર્ષના લાંબા સેવાકાળ દરમિયાન બગસરા, ધારી અને સાવરકુંડલા જેવા વિવિધ સ્થળોએ પોતાની ફરજ નિભાવી હતી. રાજુલા પી.આઈ. કોલાદરા સાથે અગાઉ અનેક સ્થળોએ કામ કર્યું હતું અને આજે તેમના હસ્તે જ વિદાય લીધી હતી. સ્ટાફ દ્વારા શાલ અને શ્રીફળ આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. નિવૃત્તિના આ પાવન અવસરે પરિવાર દ્વારા તુલસીશ્યામ ધામ ખાતે ધજા ચડાવવામાં આવી હતી.

# તોરી ગામે મેળામાં જવાની ના પાડતા યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

વડિયા, તા.૦૫

વડિયા તાલુકાના તોરી ગામની સીમમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. વતનમાં મેળામાં જવા બાબતે થયેલી સામાન્ય બોલાચાલી બાદ એક વ્યક્તિએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. આ અંગ મૂળ મધ્યપ્રદેશના જોબટ તાલુકાના ધ્યાનસિંહ ખેલસિંહ અજનારે જાહેર કર્યા મુજબ, ગજરીયા ખેલસિંહ અજનારને તોરી ગામની 'ખાવડી'તરીકે ઓળખાતી સીમમાં ખેતીકામ કરતી વખતે વતનમાં યોજાનારા મેળામાં જવાની ઈચ્છા હતી. જોકે, પરિવારના સભ્યોએ અત્યારે ખેતીની સીઝન ચાલતી હોવાથી, સીઝન પૂરી થયા પછી મેળામાં જજો તેમ કહી અત્યારે જવાની ના પાડી હતી. પરિવાર દ્વારા મેળામાં જવાની મનાઈ કરવામાં આવતા તેને મનોમન અત્યંત લાગી આવ્યું હતું. તેમણે પોતાની વાડીએ આવેલા લીમડાના ઝાડ સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા.

# અમરેલીમાં પ્રેમલગ્ન કરનાર દીકરીને જમવા તેડાવનારા પાડોશી પર હુમલો

અમરેલી, તા.૦૫

અમરેલીમાં પ્રેમલગ્ન કરનાર યુવતીને જમવા બોલાવવાની બાબતે પાડોશીઓ વચ્ચે લોહિયાળ ઝગડો થયો હોવાની ઘટના સામે આવી છે. દીકરીએ પિતાની મરજી વિરુદ્ધ લગ્ન કર્યા હોવા છતાં તેને જમવા કેમ બોલાવી, તેવું મનદુઃખ રાખીને ચાર શખ્સોએ એક પરિવાર પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લલીતાબેન શંભુભાઈ પરમાર (ઉ.વ ૩૦)એ નારણભાઈ માવી, રૂમાલસિંહ ગણાવા, નિલેશભાઈ તથા દહેશભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે ભાગીને લગ્ન કરનારી નારણભાઈ માવીની દીકરીને પોતાના ઘરે જમવા માટે બોલાવ્યા હતા. પોતાની દીકરીને જમવા તેડવાનું પાડોશીનું આ પગલું આરોપી પિતાને ગમ્યું નહોતું. આ બાબતનું મનદુઃખ રાખીને આરોપીઓ તેના ઘરે આવ્યા હતા અને બિભત્સ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. જ્યારે તેમણે ગાળો આપવાની ના પાડી, ત્યારે ચારેય શખ્સોએ ઉશ્કેરાઈ જઈને શરીરે અને મોઢાના ભાગે ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્ક્સ દ્વારા ત્રિ ગામીય પશુ નિદાન કેમ્પ યોજાયો

જાફરાબાદ,તા.૦,



અલ્ટ્રાટેક કંપની સંચાલિત નર્મદા સિમેન્ટ જાફરાબાદ વર્ક્સ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે બાબરકોટ, મિતિયાળા અને બલાણા ગામોમાં ભવ્ય એનિમલ હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ કાર્યક્રમ અંતર્ગત બાયફ ટીમની નિષ્ણાત સેવાઓ દ્વારા કુલ ૧૭૬ ખેડૂતોના આશરે ૩૫૦૦થી વધુ પશુઓ જેવા કે ગાય, ભેંસ અને ઘેટા-બકરાને વિનામૂલ્યે તબીબી સારવાર, જરૂરી દવાઓ અને વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# બાબરામાં હાઈવે પર એસ.ટી. બસની ઠોકરે ૭૦ વર્ષીય વૃધ્ધાનું કરુણ મોત

**એસ.ટી. બસના ચાલકે રોડ ક્રોસ કરી રહેલા એક વૃદ્ધાને અડફેટે લેતા મોત**

બાબરા, તા.૦૫

બાબરા શહેરમાંથી પસાર થતા રાજકોટ-ભાવનગર હાઈવે પર આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવતી એસ.ટી. બસના ચાલકે રોડ ક્રોસ કરી રહેલા એક વૃદ્ધાને અડફેટે લેતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ મામલે એસ.ટી. બસના ચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ અંગે રણજીતભાઈ જેરામભાઈ ભખવાડિયા (ઉ.વ.૨૫) એસ.ટી.બસના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેના દાદીમા લક્ષ્મીબેન ગોવિંદભાઈ ભખવાડિયા (ઉં.વ. ૭૦) ભાવનગર-રાજકોટ હાઈવે પર કમળશી સ્કૂલ પાસેના રસ્તેથી રોડ ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન રાજકોટ તરફથી પૂરઝડપે આવી રહેલી એસ.ટી. બસના ચાલકે ગફલતભરી રીતે બસ ચલાવી લક્ષ્મીબેનને જોરદાર ટક્કર મારી હતી. જેમાં તેમના દાદીનું સ્થળ પર જ મોત થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે એસ ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ત્રીજ
તા.૦૬-૦૩-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૭:૦૦,
સૂર્યાસ્ત-૦૬:૪૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત,ચિત્રા

## દૈનિક રાશિફળ

તા.૦૬-૦૨-૨૦૨૬ શુક્રવાર

મેષ: તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે.

વૃષભ: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

મિથુન: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે.

કર્ક: આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

સિંહ: આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. ધાર્મિક સ્થળોની યાત્રા અને શુભ કાર્યોમાં ખર્ચા થઈ શકે છે.

કન્યા: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે.

તુલા: આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે.

વૃશ્ચિક: સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે.

ધન: આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. નમ્રતા- વાણીથી આદર મળશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે.

કુંભ: રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે.

મીન: આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે.

# રાજુલાના નવા માંડરડીથી ધુડિયા આગરિયા સુધી નોન પ્લાન રોડનું કરાયુ ખાતમુહૂર્ત



અમરેલી,તા.૦૫

તારીખ ૪ માર્ચના રોજ રાજુલા વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના વરદ હસ્તે નવી માંડરડીથી ધુડિયાઆગરિયા સુધીના નોન પ્લાન રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના અનેક અગ્રણી હોદ્દેદારો અને મોટી સંખ્યામાં સ્થાનિક ખેડૂતો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ વિકાસલક્ષી કાર્ય બદલ સમગ્ર પંથકના ગ્રામજનોએ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

# વિઠ્ઠલપુર ગામ પાસે શેત્રુજી નદીમાં ન્હાવા પડેલા કિશોરનું ડૂબી જવાથી કરુણ મોત

**અમરેલી ફાયર વિભાગની ટીમે યુવકનો મૃતદેહ બહાર કાઢી પોસ્ટમાર્ટમ માટે મોકલ્યો**

અમરેલી, તા.૦૫

જિલ્લાના વિઠ્ઠલપુર ખંભાળીયા ગામ પાસે વહેતી શેત્રુજી નદીમાં ન્હાવા ગયેલા એક કિશોરનું ડૂબી જવાથી મોત નિપજ્યું હોવાની ઘટના સામે આવી છે. નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં સ્થાનિક પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ અંગે મહેશભાઈ જીણાભાઈ સોલંકી (ઉં.વ.૪૦) એ જાહેર કર્યા મુજબ, સમીરભાઈ મહેશભાઈ સોલંકી (ઉ.વ.૧૭) વિઠ્ઠલપુર પાસેથી પસાર થતી શેત્રુજી નદીમાં ન્હાવા માટે પડ્યો હતો. ન્હાતી વખતે



અચાનક પાણીના પ્રવાહનો અંદાજ ન આવતા અથવા ઊંડા પાણીમાં ઉતરી જવાથી તે પાણી પી ગયો હતો અને શ્વાસ રૂંધાવાને કારણે ડૂબી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ડૂબનાર વ્યક્તિને બહાર કાઢવા પ્રયાસો હાથ ધર્યા હતા. જોકે, કમનસીબે વધુ પડતું પાણી પી જવાથી અને ડૂબી જવાથી મૃત્યુ નીપજ્યું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. જે. ગોડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના શ્રીજી વિધાર્થી ભુવન ખાતે ઈકો ફ્રેન્ડલી હોલિકા દહન

અમરેલી,તા.૦૫

અમરેલીના જાણીતા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ૦૨-૦૩-૨૦૨૬ના રોજ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ઈકો ફ્રેન્ડલી હોલિકા દહન કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં સંસ્થામાં ગાયોના ગોબરમાંથી બનેલ છાણા તથા કપૂર, ગૂગળ, હવન સામગ્રી અને ગાયના ઘીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કોઈ પણ કેમિકલ્સ, કેરોસીન કે પ્લાસ્ટિકનો ઉપયોગ ન થવાથી આ પ્રાકૃતિક રીતે થયેલ હોળીનું મહત્વ



વિદ્યાર્થીઓને સમજાયું હતું. પર્યાવરણ જાગૃતિ અને પ્રદૂષણ મુક્ત તહેવારોની ઉજવણી કરવી એ આ સંસ્થાની પરંપરા રહેલી છે. લાઠી રોડની સોસાયટીના મોટા પ્રમાણમાં રહેવાસીઓએ આ કાર્યકમમાં હાજરી આપી હતી. શાળાનાં વિદ્યાર્થીઓએ રંગોળીના સુશોભન સાથે હોળીની ગોઠવણી કરી હતી. સંચાલક દિપકભાઈ વઘાસીયાએ સંસ્થા તરફથી દરેકને ખજુર, દાળિયા, ધાણી અને શીંગનો પ્રસાદ વહેંચ્યો હતો.

# ખાંભાના નવા માલકનેસ ગામે અગાસી પર સુતેલા ખેડૂત પર સિંહનો હુમલો

અમરેલી,તા.૦૫


ખાંભાના નવા માલકનેસ ગામમાં રહેતા ૪૫ વર્ષીય મનસુખભાઈ સુખાભાઈ જાદવ પોતાની વાડીમાં મકાનની અગાસી પર રખોપું કરવા માટે સૂતા હતા. મધ્યરાત્રિએ સિંહે અચાનક અગાસી પર ચઢી તેમના પર હુમલો કર્યો હતો. આ ઓચિંતા હુમલામાં મનસુખભાઈને માથાના ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી હતી. સંબંધી ભરતભાઈએ જણાવ્યું હતું કે, સિંહે હુમલો કરતાની સાથે જ તેઓ જાગી ગયા હતા. સિંહને સામે જોઈ તેમણે જોરદાર પડકારા કર્યા હતા, જેના કારણે ડરીને સિંહ ત્યાંથી ભાગી છૂટ્યો હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા ઈજાગ્રસ્ત મનસુખભાઈને પ્રથમ ખાંભા ખાતે પ્રાથમિક સારવાર અપાઈ હતી.

તંત્રી લેખ

# ઈ વી ટેકનોલોજીની સાર્થકતા

મધ્ય પૂર્વમાં વધતા તણાવ અને ખાસ કરીને ઈરાન-ઈરાક યુદ્ધ જેવી પરિસ્થિતિઓએ વિશ્વભરમાં ઊર્જા પુરવઠા અંગે ચિંતા ઊભી કરી છે. ખનીજ તેલ પર ભારે નિર્ભરતા ધરાવતા દેશો માટે આ સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. ભારત પણ તેની મોટાભાગની ઊર્જા જરૂરિયાતો માટે આયાતી તેલ અને ગેસ પર આધાર રાખે છે. તેથી વૈશ્વિક અસ્થિરતાના સમયમાં ઊર્જા સુરક્ષા મજબૂત બનાવવા માટે વિકલ્પ ઊર્જા અને ઈલેક્ટ્રિક વાહનો તરફ ઝડપથી આગળ વધવું સમયની માંગ બની ગયું છે. આ પરિસ્થિતિમાંથી બહાર આવવાનો એક મહત્વપૂર્ણ રસ્તો ઈલેક્ટ્રિક વાહનો (EV)નો વ્યાપક ઉપયોગ વધારવાનો છે. ભારત સરકાર પણ આ દિશામાં ઝડપી પગલાં લઈ રહી છે. તેમ છતાં, માત્ર ખાનગી વાહનોમાં ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ વધારવાથી પૂરતું નથી. જ્યાં સુધી વાણિજ્યિક વાહનોના મોટા કાફલાને વીજળીકૃત કરવામાં નહીં આવે, ત્યાં સુધી ખનીજ તેલના ભાવમાં અચાનક વધારાથી ભારત સંપૂર્ણ રીતે સુરક્ષિત બની શકશે નહીં. ભારતે વર્ષ ૨૦૩૦ સુધી માટે ઈલેક્ટ્રિક વાહનો અંગે મહત્વાકાંક્ષી લક્ષ્યાંકો નક્કી કર્યા છે. સરકારના લક્ષ્ય મુજબ ૨૦૩૦ સુધી ખાનગી કારોમાં ૩૦ ટકા, વાણિજ્યિક વાહનોમાં ૭૦ ટકા, બસોમાં ૪૦ ટકા અને ટુ તથા થ્રી વ્હીલરમાં ૮૦ ટકા વેચાણ ઈલેક્ટ્રિક વાહનોનું કરવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. આ લક્ષ્યો સિદ્ધ કરવા માટે સૌથી મહત્વપૂર્ણ ઘટક બેટરી ટેકનોલોજી છે. ઈલેક્ટ્રિક વાહનોના વિકાસમાં બેટરીની ભૂમિકા કેન્દ્રસ્થાને છે. વાહનની રેન્જ, તેની કિંમત અને કાર્યક્ષમતા મોટા ભાગે બેટરી પર આધારિત હોય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં બેટરી ટેકનોલોજીના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી રહી છે. દેશ સરકાર અને ખાનગી ઉદ્યોગોના સહકારથી સ્વદેશી બેટરી ઉત્પાદન અને નવી ટેકનોલોજીના વિકાસ તરફ આગળ વધી રહ્યો છે. ભારત સરકારે એડવાન્સ્ડ કેમિસ્ટ્રી સેલ (ACC) બેટરી સ્ટોરેજ સ્કીમ શરૂ કરી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ દેશની અંદર જ આધુનિક બેટરી સેલનું ઉત્પાદન વધારવાનો છે. આ યોજના હેઠળ મોટા ઉદ્યોગ સમૂહો દ્વારા હજારો કરોડ રૂપિયાનું રોકાણ થઈ રહ્યું છે, જેનાથી ભારત આયાત પરની નિર્ભરતા ઘટાડીને સ્વદેશી ઉત્પાદન મજબૂત બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. હાલમાં ભારતમાં સૌથી વધુ ઉપયોગ લિથિયમ-આયન બેટરી નો થાય છે. જોકે સંશોધન સંસ્થાઓ અને સ્ટાર્ટઅપ્સ નવી પ્રકારની બેટરી ટેકનોલોજી પર પણ કામ કરી રહ્યા છે. ખાસ કરીને સોલિડ-સ્ટેટ બેટરી અને સોડિયમ-આયન બેટરી જેવી નવી ટેકનોલોજી પર સંશોધન થઈ રહ્યું છે, જે ભવિષ્યમાં વધુ સુરક્ષિત, સસ્તી અને લાંબી આયુષ્ય ધરાવતી બની શકે છે. બેટરી રિસાયક્લિંગ ક્ષેત્રમાં પણ ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. ઈલેક્ટ્રિક વાહનોના વધતા ઉપયોગને ધ્યાનમાં રાખીને જૂની બેટરીમાંથી કિંમતી ધાતુઓ ફરીથી મેળવવાની ટેકનોલોજી વિકસાવવામાં આવી રહી છે. ગુજરાતના ભાવનગર જિલ્લામાં આવેલું અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ વિશ્વનું સૌથી મોટું શિપ રિસાયક્લિંગ કેન્દ્ર માનવામાં આવે છે. જો અહીં બેટરી રિસાયક્લિંગ માટે આધુનિક સુવિધાઓ વિકસાવવામાં આવે, તો રાષ્ટ્રને આર્થિક તથા પર્યાવરણીય બંને રીતે મોટો ફાયદો મળી શકે. તેમ છતાં પડકારો હજુ પણ ઘણાં છે. ઊર્જા અર્થશાસ્ત્ર અને નાણાકીય વિશ્લેષણ સંસ્થા (IEEFA)ના અંદાજ મુજબ ૨૦૨૦થી ૨૦૨૫ વચ્ચે ઈલેક્ટ્રિક વાહન ઈકોસિસ્ટમમાં આશરે રૂ.૨.૨ લાખ કરોડનું રોકાણ થયું છે, જ્યારે ૨૦૩૦ ના લક્ષ્યાંકોને પૂર્ણ કરવા માટે કુલ રૂ.૧૨.૫ લાખ કરોડના રોકાણની જરૂર છે. એટલે કે હજુ લગભગ રૂ.૧૦ લાખ કરોડ જેટલું રોકાણ જરૂરી છે.

# અસત્યના આધાર પરનું યુદ્ધ વિનાશ સાબિત થશે




પ્રાસંગિક
સુરેશ દેસાઈ

એક સમય એવો હતો જ્યારે યુદ્ધોને ન્યાય, સત્ય અને સ્વરક્ષણ માટે લડાતા સંઘર્ષ તરીકે જોવામાં આવતાં. કોઈ દેશ પર સીધું આક્રમણ થાય અથવા પોતાના અસ્તિત્વને બચાવવા માટે લડવું પડે ત્યારે યુદ્ધ અનિવાર્ય બની શકે. પરંતુ આધુનિક સમયમાં ઘણા યુદ્ધો ન્યાય અથવા સત્ય કરતાં રાજકીય પ્રભાવ, વિસ્તાર અને શક્તિ વધારવા માટે લડાતા જોવા મળે છે. આવા યુદ્ધો માત્ર સંબંધિત દેશોને નહીં પરંતુ સમગ્ર વિશ્વને વિનાશ તરફ ધકેલી શકે છે. આજના વૈશ્વિક રાજકારણમાં આ પરિસ્થિતિ વધુ સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે. યુક્રેનમાં ચાલી રહેલું યુદ્ધ અને મધ્ય પૂર્વમાં વધતો તણાવ તેનું તાજું ઉદાહરણ છે. અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ કોઈ એક દિવસમાં ઉભો થયો નથી. ૧૯૭૯ની ઈરાન ક્રાંતિ પછીથી બંને દેશો વચ્ચે અવિશ્વાસ અને રાજકીય વિરોધનું વાતાવરણ સતત રહ્યું છે. ઈરાનમાં થયેલી આ ક્રાંતિ પછી ત્યાંના રાજકીય માળખામાં મોટો ફેરફાર આવ્યો અને પશ્ચિમ દેશો સાથેના સંબંધો બદલાઈ ગયા. એક તરફ અમેરિકા પશ્ચિમ એશિયામાં પોતાની સૈન્ય અને રાજકીય હાજરી જાળવી રાખવા ઈચ્છે છે, જ્યારે બીજી તરફ ઈરાન પોતાને પ્રાદેશિક શક્તિ તરીકે સ્થાપિત કરવા માંગે છે. પરમાણુ કાર્યક્રમ, આર્થિક પ્રતિબંધો, ખાડી દેશોની સુરક્ષા અને ઈઝરાયલ સાથેના તણાવ જેવા મુદ્દાઓએ બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ જટિલ બનાવ્યા છે.છેલ્લા કેટલાક વર્ષોમાં આ તણાવ વધુ તીવ્ર બન્યો છે. પરમાણુ કાર્યક્રમને લઈને અમેરિકા અને તેના સાથી દેશોએ ઈરાન પર અનેક આર્થિક પ્રતિબંધો લગાવ્યા છે. બીજી તરફ ઈરાન પણ પોતાનો કાર્યક્રમ રાષ્ટ્રીય સુરક્ષા અને વિકાસ માટે જરૂરી હોવાનું કહે છે. આ તણાવના કારણે મધ્ય પૂર્વમાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય તેવી આશંકા વારંવાર વ્યક્ત કરવામાં આવે છે. ક્યારેક યુદ્ધ અનિવાર્ય બની શકે છે. જો કોઈ દેશ પર સીધું આક્રમણ થાય અને પોતાની પ્રજા તેમજ પ્રદેશની સુરક્ષા માટે લડવું પડે, તો તેને ‘‘ન્યાયી યુદ્ધ’’ કહી શકાય. આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં ‘‘જસ્ટ વોર થિયરી’’ જેવી સંકલ્પનાઓ એ જ સૂચવે છે કે યુદ્ધ અંતિમ વિકલ્પ હોવું જોઈએ અને તે નૈતિક તથા વાજબી કારણોસર જ લડવું જોઈએ. પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે સત્ય અને પૂરતા પુરાવા વિના શરૂ થયેલા યુદ્ધો હંમેશા વિનાશક સાબિત થયા છે. આ સંદર્ભમાં અમેરિકાનું ઈરાન પ્રત્યેનું આક્રમક વલણ ઘણીવાર ચર્ચામાં રહ્યું છે. કેટલાક સમયે અમેરિકન નેતાઓએ ઈરાનને વૈશ્વિક સુરક્ષા માટે ખતરો ગણાવ્યો છે. જોકે રાજકીય વિશ્લેષકો અને નિષ્ણાતોએ આ દાવાઓ અંગે પ્રશ્નો પણ ઉઠાવ્યા છે. ઘણા વિશ્લેષકો માને છે કે ક્યારેક આંતરિક રાજકારણ, આર્થિક દબાણ અને ચૂંટણીલક્ષી ગણતરીઓ પણ વિદેશી નીતિના નિર્ણયો પર અસર કરી શકે છે. ઈતિહાસમાં પાછા જઈએ તો ૨૦૦૩માં થયેલું ઈરાક યુદ્ધ એક મહત્વપૂર્ણ ઉદાહરણ છે. તે સમયે દાવો કરવામાં આવ્યો હતો કે ઈરાક પાસે સામૂહિક વિનાશના હથિયારો છે અને તે આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો બની શકે છે. આ દાવાઓના આધારે ‘‘ઓપરેશન ઈરાકી ફ્રીડમ’’ હેઠળ અમેરિકા અને તેના સાથી દેશોએ ઈરાક પર સૈન્ય કાર્યવાહી શરૂ કરી. જોકે પછીથી સ્પષ્ટ થયું કે એવા હથિયારો અંગેના દાવાઓ સાચા નહોતા. આ યુદ્ધે ઈરાકને લાંબા સમય સુધી અસ્થિર બનાવી દીધો અને સમગ્ર પ્રદેશમાં રાજકીય અશાંતિ ફેલાઈ. તે પછી ૨૦૧૧માં લીબિયામાં પણ આંતરરાષ્ટ્રીય સૈન્ય હસ્તક્ષેપ થયો. તે કાર્યવાહી દરમિયાન ગદ્દાફીનું શાસન સમાપ્ત થયું, પરંતુ ત્યારબાદ દેશ લાંબા સમય સુધી આંતરિક સંઘર્ષ અને રાજકીય અસ્થિરતાનો સામનો કરતો રહ્યો. આ ઘટના એ પણ દર્શાવે છે કે બાહ્ય સૈન્ય હસ્તક્ષેપ ઘણીવાર સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવામાં નિષ્ફળ રહે છે. ઘણીવાર તે નવી સમસ્યાઓ અને સંઘર્ષોને જન્મ આપે છે. ઈરાનના મુદ્દે પણ આવું જ દૃશ્ય ઉભું થાય તેવો ભય કેટલાક વિશ્લેષકો વ્યક્ત કરે છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે શંકાઓ વ્યક્ત કરવામાં આવે છે, પરંતુ રાજદ્વારીય પ્રયાસો દ્વારા ઉકેલ લાવવાની શક્યતાઓ પણ ઘણી વખત ઉભી થઈ છે. ઓમાન જેવા દેશોએ મધ્યસ્થીની ભૂમિકા ભજવવાનો પ્રયાસ કર્યો છે. કેટલાક અહેવાલો અનુસાર ઈરાન સમૃદ્ધ યુરેનિયમના સંગ્રહને ઘટાડવા અંગે ચર્ચા કરવા તૈયાર હોવાનું પણ કહેવામાં આવ્યું હતું. જો રાજદ્વારી રસ્તાઓ ખુલ્લા હોય, તો યુદ્ધનો માર્ગ પસંદ કરવાનો પ્રશ્ન ઘણીવાર ઊભો થાય છે. અસત્ય અથવા અધૂરી માહિતીના આધારે શરૂ થયેલા યુદ્ધો માનવ જીવન પર ગંભીર અસર પાડે છે. હજારો સૈનિકો અને લાખો નિર્દોષ નાગરિકો આ સંઘર્ષોમાં જીવ ગુમાવે છે. માત્ર માનવીય નુકસાન જ નહીં, પરંતુ અર્થતંત્ર અને સામાજિક માળખા પર પણ તેની લાંબા ગાળાની અસર પડે છે. ઈરાક યુદ્ધ પછી અમેરિકા પોતે પણ તેની અસરોમાંથી સંપૂર્ણપણે બહાર આવી શક્યું નથી. અનેક સૈનિકો માનસિક આઘાત અને સામાજિક પડકારોનો સામનો કરી રહ્યા છે. આવા સંઘર્ષો વિશ્વ રાજકારણમાં એક ખતરનાક સંદેશ પણ આપે છે. જો મહાસત્તાઓ ખોટા આધાર પર યુદ્ધ શરૂ કરે, તો અન્ય દેશો પણ પોતાના પગલાં માટે આવી ઘટનાઓનો હવાલો આપી શકે છે. પરિણામે આંતરરાષ્ટ્રીય કાયદા અને વૈશ્વિક વ્યવસ્થાની વિશ્વસનીયતા નબળી પડે છે. ખાડી પ્રદેશના સમૃદ્ધ અરબ દેશો માટે આ પરિસ્થિતિ ખાસ ચિંતાજનક બની શકે છે. તેમની અર્થવ્યવસ્થા મુખ્યત્વે વેપાર, ઊર્જા અને આંતરરાષ્ટ્રીય રોકાણ પર આધારિત છે. જો ઈરાન અને અમેરિકા વચ્ચે સીધો સંઘર્ષ થાય, તો તેલના ભાવોમાં ભારે વધારો થઈ શકે છે, સમુદ્રી વેપાર પર અસર પડી શકે છે અને સુરક્ષાની ચિંતાઓ વધે છે. ખાડી દેશો પોતાને વૈશ્વિક રોકાણ માટે સલામત કેન્દ્ર તરીકે રજૂ કરે છે.

યુદ્ધની પરિસ્થિતિ આ છબીને નુકસાન પહોંચાડી શકે છે. તેથી આ પ્રદેશના દેશોએ સક્રિય રાજદ્વારીય પ્રયત્નો કરવા જરૂરી છે. તેઓ મધ્યસ્થી બની શકે, શાંતિપૂર્ણ વાટાઘાટોને પ્રોત્સાહન આપી શકે અને બંને પક્ષોને સંવાદના માર્ગે લાવી શકે. લાંબા ગાળે જોવામાં આવે તો શાંતિ જ આ પ્રદેશ માટે સૌથી લાભદાયી માર્ગ છે. અમેરિકાની આંતરિક રાજનીતિ પણ આવા નિર્ણયો પર અસર કરતી હોય છે. કેટલીકવાર વિશ્લેષકો કહે છે કે વિદેશી સંઘર્ષો દ્વારા સ્થાનિક રાજકીય મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. જોકે આવી રણનીતિ ટૂંકા ગાળે લાભકારી જણાય, તો પણ લાંબા ગાળે તે દેશની વૈશ્વિક વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડે છે. ઈરાન સાથેનો સંઘર્ષ માત્ર બે દેશો વચ્ચેનો મુદ્દો નથી. તે સમગ્ર પશ્ચિમ એશિયા અને વૈશ્વિક અર્થતંત્રને અસર કરી શકે છે. ભારત જેવા દેશો, જે ઊર્જા આયાત પર નિર્ભર છે, તેમના માટે પણ આવી પરિસ્થિતિ ચિંતાજનક બની શકે છે. ઊર્જા પુરવઠા અને વેપાર માર્ગોમાં વિક્ષેપથી વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પણ અસર પડી શકે છે. આખરે પ્રશ્ન એ છે કે શું વિશ્વ ફરીથી ભૂતકાળની ભૂલો દોહરાવશે? ઈરાક અને લીબિયાના અનુભવોથી શીખવા જેવું ઘણું છે. સત્યને અવગણીને લેવાયેલા નિર્ણયો હંમેશા ભારે મૂલ્ય વસૂલ કરે છે. શાંતિ, સંવાદ અને પારદર્શિતા - આ ત્રણ માર્ગો જ લાંબા ગાળે ટકાઉ ઉકેલ આપી શકે છે. અસત્યના આધારે શરૂ થયેલા યુદ્ધો ઘણીવાર નિયંત્રણ બહાર જઈ શકે છે. તેઓ ‘‘ન્યાયી યુદ્ધ’’ જેવી નૈતિક માન્યતા પણ મેળવી શકતા નથી. તેથી જરૂરી છે કે વિશ્વના નેતાઓ તાત્કાલિક રાજકીય ફાયદા કરતાં લાંબા ગાળાની શાંતિ અને સ્થિરતાને મહત્વ આપે. ખાડી પ્રદેશથી લઈને અમેરિકા સુધી, સમગ્ર વિશ્વ માટે શાંતિનો માર્ગ જ સાચો માર્ગ છે.

**યુદ્ધ દર વખતે અનિવાર્ય નથી હોતું. મહાભારતના યુદ્ધ વખતે પણ ભગવાન શ્રીકૃષ્ણે સમાધાન માટે પ્રયાસો કર્યા હતા પરંતુ ભગવાનને કોઈ ઓળખી શક્યું નહીં આ યુદ્ધ સત્ય માટે લડાયું હતું પરંતુ હવેના યુદ્ધ અસત્યના પાયા પર ઉભા છે જે વિનાશક થઈ રહ્યા છે જેની અસર સમગ્ર વિશ્વની માનવ જાત પર પડે છે.**

## શબ્દ સંજોગ-૨૧૫૭



**આડી ચાવી :**
(૧) સભ્યતા, વિનય (૩)
(૨) એક હિંદી ફિલ્મ અભિનેત્રી (૩)
(૩) ત્વચાનો એક રોગ (૩)
(૪) ધનુષની દોરી (૩)
(૫) દિલ, મન (૨)
(૮) એક ઋષિ (૩)
(૧૦) ગપ,જુઠી વાત (૨)
(૧૧) દુઃખ, પાપ (૨)
(૧૨) પાસુ, બાજુ (૨)
(૧૪) કાવ્ય, કવિતા (૨)
(૧૫) બદલા તરીકે મજરે આપવુ તે (૪)
(૧૭) ઈટાલીનું એક શહેર (૨)
(૧૮) પિતાની સાળી (૨)
(૧૯) વેસ્ટર્ન રેલ્વેનું ગુજરાતી ટૂંકાક્ષર (૨)
(૨૧) પક્ષાઘાત (૩)
(૨૨) અસભ્ય કે દુરાચારી વર્તન (૩)
(૨૩) ...ઈઝ ગ્રેટ (૨)
(૨૫) ઘટ્ટ, અપૂર્ણતા (૨)

**ઉભી ચાવી :**
(૧) સ્વામી...... (૫)
(૪) ...અપની અપની (૩)
(૬) લગ્ન પ્રસંગે વપરાતો દિવો (૩)
(૭) ઉત્કૃષ્ટ, ઘણુ સારુ (૩)
(૯) કપટ, છેતરપિંડી (૨)
(૧૩) યાદી, નોંધ (૨)
(૧૫) એક વૃક્ષ (૨)
(૧૬) બરડો, પૃષ્ઠ વંશ (૩)
(૧૯) નાનુ પડીકુ (૨)
(૨૦) જમીન મહેસૂલ (૪)
(૨૨) આશ્ચર્યનો ઉદગાર (૨)
(૨૪) સુથારનું એક ઓજાર (૨)
(૨૫) શારીરિક ખામી (૨)
(૨૬) એક તિથી (૩)
(૨૭) મગદળ જોડીની એક કસરત (૩)

## શબ્દ સંજોગ-૨૧૫૬ જવાબ

**આડી ચાવી:** (૧) મહેનત (૪) ચાબુક (૭) હિત (૮) વળી (૯) લલિત (૧૧) બર (૧૨) સાબુ (૧૩) હલા (૧૪) કાજલ (૧૫) કાક (૧૬) કવન (૧૮) મામૂલી (૧૯) જીવન (૨૦) પરસાળ (૨૨) હજારી (૨૩) આજીજી (૨૫) બનાસ (૨૬) પારો (૨૭) સુખ. **ઉભી ચાવી:** (૧) મહિમા (૨) હેત (૩) તવર (૫) બુલબુલ (૬) કલિ (૧૦) તમીજ (૧૧) બલા (૧૨) સાજન (૧૩) હક (૧૪) કાવલી (૧૫) કાચપ (૧૬) કમૂળ (૧૭) લવરી (૧૮) માસા (૧૯) જીજાજી (૨૧) રચના (૨૨) હજીરો (૨૩) આપા (૨૪) કાખ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૫૮૯ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૫૩ | ૫૭૬ |
| જુવાર સફેદ | ૮૧૦ | ૧૦૧૯ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૨૫ |
| ચણા પીળા | ૯૮૦ | ૧૦૪૫ |
| ચણા સફેદ | ૧૧૨૦ | ૧૬૮૦ |
| અડદ | ૬૦૦ | ૧૭૧૩ |
| મગ | ૧૦૪૦ | ૧૫૭૫ |
| વાલ દેશી | ૫૯૦ | ૧૧૩૬ |
| ચોળી | ૧૦૧૭ | ૧૦૧૭ |
| વટાણા | ૭૨૦ | ૧૧૭૪ |
| રાજમા | ૬૦૦ | ૧૬૬૦ |
| મગફળી જાડી | ૧૦૯૦ | ૧૫૧૫ |
| મગફળી જીણી | ૧૦૬૦ | ૧૪૫૩ |
| તલી | ૧૨૫૦ | ૨૦૩૪ |
| એરંડા | ૧૧૯૮ | ૧૨૪૧ |
| સુવા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૮૦ | ૧૦૨૦ |
| સીંગફાડા | ૧૧૫૦ | ૧૫૫૦ |
| કાળા તલ | ૨૧૦૦ | ૪૦૫૦ |
| લસણ | ૫૦૦ | ૧૬૦૫ |
| ધાણા | ૧૬૫૦ | ૨૨૫૦ |
| મરચા સુકા | ૧૯૦૦ | ૬૫૦૦ |
| ધાણી | ૧૮૦૦ | ૨૭૦૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૩૯૦ |
| જીરૂ | ૩૫૨૫ | ૪૨૧૧ |
| રાય | ૧૧૧૦ | ૧૩૪૦ |
| મેથી | ૯૫૦ | ૧૫૫૦ |
| રાયડો | ૯૨૦ | ૧૧૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૨૩૧ | ૨૪૧૦ |
| સાકરટેટી | ૨૧૯ | ૪૦૩ |
| તરબુચ | ૪૦૬ | ૬૨૨ |
| પપૈયા | ૧૦૪ | ૧૮૯ |
| બટેટા | ૯૪ | ૨૩૧ |
| ડુંગળી સુકી | ૫૦ | ૨૩૫ |
| ટમેટા | ૧૯૭ | ૩૦૯ |
| સુરણ | ૮૧૭ | ૧૦૦૮ |
| કોથમરી | ૧૫૬ | ૨૩૬ |
| સકરીયા | ૫૧૨ | ૬૧૭ |
| મુળા | ૩૧૩ | ૫૧૧ |
| રીંગણા | ૨૩૮ | ૫૪૯ |
| કોબીજ | ૭૪ | ૧૨૮ |
| ફ્લાવર | ૧૬૩ | ૨૫૯ |
| ભીંડો | ૬૯૩ | ૯૭૨ |
| ગુવાર | ૮૮૯ | ૧૪૫૮ |
| ચોળાસીંગ | ૭૩૯ | ૧૧૨૪ |
| વાલોળ | ૨૭૯ | ૫૮૭ |
| ટીંડોળા | ૪૭૭ | ૮૯૩ |
| દુધી | ૮૩ | ૧૯૭ |
| કારેલા | ૫૬૧ | ૯૧૩ |
| સરગવો | ૫૨૫ | ૯૭૯ |
| તુરીયા | ૪૩૮ | ૭૭૨ |
| પરવર | ૧૪૦૭ | ૧૮૨૬ |
| કાકડી | ૨૬૬ | ૫૧૧ |
| ગાજર | ૨૧૨ | ૩૫૬ |
| વટાણા | ૪૧૯ | ૬૯૯ |
| તુવેરસીંગ | ૫૧૩ | ૭૭૮ |
| ગલકા | ૩૧૨ | ૫૦૨ |
| બીટ | ૮૫ | ૧૮૨ |
| મેથી | ૧૭૩ | ૨૪૧ |
| વાલ | ૭૭૧ | ૯૮૮ |
| ડુંગળી લીલી | ૨૭૨ | ૪૧૪ |
| આદુ | ૧૦૧૪ | ૧૨૧૮ |
| મરચા લીલા | ૩૫૧ | ૬૪૪ |
| લસણ લીલું | ૬૧૯ | ૧૨૧૦ |
| મકાઇ લીલી | ૧૮૯ | ૩૧૩ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૬૬ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૪૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૫૩૧ |
| એરંડા / એરંડી | ૧૨૧૬ | ૧૨૪૬ |
| ક્લંજી | ૯૫૧ | ૪૨૩૧ |
| ધાણા | ૧૩૦૧ | ૨૩૫૧ |
| લસણ સુકું | ૨૫૧ | ૬૧૧ |
| ડુંગળી લાલ | ૫૧ | ૨૬૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૭૧ |
| તુવેર | ૧૧૦૦ | ૧૬૧૧ |
| રાયડો | ૭૭૬ | ૧૦૯૧ |
| રાય | ૧૦૩૧ | ૧૨૭૧ |
| મેથી | ૭૦૧ | ૧૪૪૧ |
| મગફળી જાડી | ૧૦૪૧ | ૧૪૮૬ |
| નવું લસણ | ૪૮૧ | ૧૧૯૧ |
| તલ - તલી | ૧૩૦૦ | ૨૧૭૧ |
| ધાણી | ૧૪૦૧ | ૨૬૫૧ |
| ડુંગળી સફેદ | ૨૦૧ | ૨૬૬ |
| જુવાર | ૪૨૬ | ૧૦૦૦ |
| મકાઇ | ૨૦૧ | ૨૦૧ |
| મગ | ૧૮૫૧ | ૧૮૫૧ |
| વાલ | ૮૭૬ | ૧૨૪૧ |
| ચોળા / ચોળી | ૪૨૬ | ૪૨૬ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૩૬ |
| ગોગળી | ૮૧૧ | ૧૦૮૧ |
| વટાણા | ૩૨૬ | ૮૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૩૨૦ |
| મરચા | ૨૦૦ | ૧૫૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૨૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૬૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૫૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૦૦ | ૯૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૨૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૩ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૧ | ૨ |
| કોથમીર પુરા | ૧ | ૧૫ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૨૦૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૨૦ | ૫૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૫ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૩૯૫ | ૧૪૧૫ |
| ગીરનાર શિંગ | ૧૩૩૦ | ૧૪૧૫ |
| શિંગ મોટી | ૭૦૦ | ૧૫૧૫ |
| શિંગદાણા | ૧૩૪૫ | ૧૫૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૯૦ | ૧૬૬૫ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૯૫૦ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૬૫૫ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૪૮૫ |
| મકાઈ | ૨૬૫ | ૨૬૫ |
| અડદ | ૯૦૦ | ૯૦૦ |
| ચણા | ૮૯૫ | ૧૦૬૦ |
| દેશી ચણા | ૧૦૯૦ | ૧૦૯૦ |
| સફેદ ચણા | ૧૦૦૫ | ૧૦૮૦ |
| તુવેર | ૮૨૦ | ૧૪૮૦ |
| કપાસ | ૧૦૪૦ | ૧૬૦૫ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૩૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૧૦ |
| ધાણા | ૧૬૧૫ | ૨૧૫૫ |
| ધાણી | ૧૬૦૦ | ૩૦૫૫ |
| અજમા | ૧૬૦૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૨૫ |
| મરચા લાંબા | ૧૫૦૦ | ૬૪૦૦ |
| મરચા ઘોલર | ૨૩૦૦ | ૮૦૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૨૦ |
| રીંગણા | ૪૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૬૦ |
| શકકરીયા | ૪૦૦ | ૫૮૦ |
| ટમેટાં | ૨૦૦ | ૩૫૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૨૫૦ | ૩૫૦ |
| દુધી | ૧૬૦ | ૨૧૦ |
| કારેલા | ૧૫૦ | ૨૨૦ |
| ગલકા | ૪૩૦ | ૫૫૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૧૨૫૦ | ૧૬૨૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૬૦૦ | ૭૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૩૫૦ | ૪૦૦ |
| વાલ | ૬૫૦ | ૭૫૦ |
| તુવેર | ૬૭૦ | ૭૫૦ |
| ભીંડો | ૪૫૦ | ૬૫૦ |
| આદુ | ૧૧૨૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૭૫૦ | ૮૫૦ |
| બીટ | ૧૮૦ | ૨૫૦ |
| સરગવો | ૪૩૦ | ૬૪૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૮૦૦ |
| લસણ સુકું | ૧૨૦૦ | ૧૫૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૩૦ |
| લીબુ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૭૦ |
| શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૯૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૦૦૨ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૬૧૧ |
| જીરૂ | ૩૮૦૧ | ૪૭૨૫ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૯૬ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૨૦ |
| જુવાર | ૯૭૮ | --- |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૨૦ |
| એરંડી | ૧૧૨૦ | ૧૨૦૮ |
| મેથી | ૧૦૦૧ | ---- |
| રાય/ રાયડો | ૧૦૦૦ | ૧૦૪૫ |
| ધાણા | ૧૬૦૦ | ૨૩૨૫ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૨૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૨૦ | ૧૨૮૫ |
| ઘઉં | ૪૦૧ | ૪૪૬ |
| ચણા | ૮૨૦ | ૧૦૩૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૭૫ |
| ધાણા | ૧૬૦૦ | ૨૩૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૭૫ |
| ઘઉ લોકવન | ૩૬૨ | ૪૩૫ |
| ઘઉ ટુકડા | ૩૫૦ | ૪૮૩ |
| ચણા | ૯૫૦ | ૧૦૧૫ |
| ધાણા | ૧૬૦૦ | ૨૦૧૫ |
| રાય | ૧૧૪૫ | ૧૨૨૦ |
| સોયાબીન | ૭૩૦ | ૯૮૫ |
| શીંગ દાણા | ૧૨૯૦ | ૧૪૫૦ |
| તુવેર | ૯૪૦ | ૧૪૪૦ |
| અડદ | ૬૦૦ | ૧૦૦૦ |
| મેથી | ૮૦૦ | ૮૦૦ |
| અજમા | ૮૨૫ | ૮૨૫ |
| ચણાસફેદ | ૮૫૦ | ૮૫૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૮૪૦ |
| રાયડો | ૯૧૫ | ૯૧૫ |
| મગફળી | ૧૦૦૦ | ૧૧૯૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૨૦ | ૧૬૦૪ |
| કપાસ મીડીયમ | ૧૨૦૦ | ૧૩૭૦ |
| મગફળી | ૧૨૩૫ | ૧૩૫૫ |
| જીરૂ | ૩૦૨૦ | ૪૨૧૦ |
| ચણા | ૧૦૧૨ | ૧૦૩૮ |
| ઘઉ | ૪૬૫ | ૫૧૫ |
| ધાણા | ૧૨૧૩ | ૨૨૮૭ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૯૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૮૬ |
| ચણા | ૯૦૧ | ૧૦૪૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૩૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૦૧ |
| શીંગ ફાડા | ૧૨૫૧ | ૧૩૩૧ |
| મેથી | ૭૦૭ | ૯૫૧ |
| જીરૂ | ૩૦૦૧ | ૪૨૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૦૭૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૯૬ |
| **મહુવા** | | |
| જુવાર | ૪૦૦ | ૧૦૬૧ |
| બાજરી | ૩૧૦ | ૬૩૩ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૫૨૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૯૯ |
| મગ | ૭૦૦ | ૭૦૦ |
| સોયાબીન | ૧૦૨૫ | ૧૦૨૫ |
| ચણા | ૭૮૦ | ૧૦૩૪ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૧૭૧૩ |
| તલ કાળા | ૨૫૦૦ | ૨૯૯૭ |
| તુવેર | ૮૦૦ | ૧૪૯૪ |
| ધાણા | ૧૪૨૮ | ૧૮૫૦ |
| ડુંગળી લાલ | ૮૫ | ૨૧૨ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૭૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૨૬૩ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૭૪ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૭૧ |
| રાય | ૧૦૦૦ | ૧૨૩૨ |
| રાયડો | ૯૦૦ | ૧૦૬૪ |
| મેથી | ૯૫૦ | ૧૧૭૫ |
| જુવાર | ૬૮૦ | ૧૦૩૨ |
| ચણા | ૯૫૦ | ૧૧૩૦ |
| સોયાબીન | ૯૦૦ | ૯૫૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૭૫૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૮૦ | ૧૫૫૧ |
| ચણા | ૧૦૨૬ | ૧૦૨૯ |
| જુવાર સફેદ | ૧૧૦૦ | ૧૧૨૬ |
| તુવેર | ૧૪૫૨ | ૧૫૦૧ |
| ધાણા | ૧૩૬૦ | ૨૧૦૦ |
| બાજરો | ૫૨૫ | ૫૨૫ |
| ઘઉં | ૪૨૫ | ૪૨૫ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૧૦ | ૧૪૭૮ |
| કપાસ સી ગ્રેડ | ૯૧૦ | ૯૧૦ |
| તુવેર | ૯૦૦ | ૯૦૦ |
| **રાજુલા** | | |
| તલ કાળા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૧ |
| બાજરો | ૩૩૧ | ૪૨૬ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૮૦૦ |
| જુવાર | ૮૦૦ | ૧૧૪૬ |
| મઠ | ૮૦૦ | ૮૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૩૬૨ |
| ચણા | ૯૫૧ | ૧૦૨૧ |
| ધાણા | ૧૫૦૦ | ૧૫૦૨ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૮૪૬ | ૮૪૬ |
| રાય | ૧૦૦૦ | ૧૧૪૬ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# યુધ્ધના વચ્ચે જોર્ડનમાં ફસાયેલી દિકરીના પરિવારની મદદે આવતા ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી

અમરેલી,તા.૦૫

યુદ્ધ જેવી ભયાનક અને અનિશ્ચિત પરિસ્થિતિમાં જ્યારે એક પરિવારની આશાઓ તૂટવા લાગે, ત્યારે જો કોઈ સહારો બનીને ઊભું રહે તો તે જ સાચી માનવીય સેવા છે. કેનેડાથી ભારત પરત ફરતી વખતે જોર્ડનમાં ફસાઈ ગયેલી દેશની દીકરીના ચિંતિત માતા-પિતાએ જ્યારે ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીને મળી પોતાની વ્યથા વ્યક્ત કરી, ત્યારે



તેમણે માત્ર એક પદાધિકારી તરીકે નહીં પરંતુ પરિવારના સભ્ય જેવી સંવેદનશીલતા દર્શાવી હતી. દિલીપ સંઘાણીએ તાત્કાલિક દિલ્હીમાં ઈફકોના એમ.ડી. શ્રી કે. જે. પટેલ અને જોર્ડન સ્થિત JIFCO ના સત્તાધીશો સાથે સંપર્ક સાધ્યો હતો. તેમણે સ્વયં સતત ફોન દ્વારા પરિસ્થિતિનું નિરીક્ષણ કરી દીકરીના વિઝા, રહેઠાણ અને અન્ય પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરી હતી. આજે જ્યારે તે દીકરી સુરક્ષિત છે ત્યારે પરિવારના ચહેરા પર સ્મિત પાછું આવ્યું છે. આ ઘટના માત્ર પ્રશાસનિક મદદ નથી પણ દિલીપ સંઘાણીના 'પરિવાર ભાવ'નું જીવંત ઉદાહરણ છે. સંકટના સમયે સાથે ઊભા રહીને સાચું નેતૃત્વ પૂરું પાડવા બદલ દિલીપ સંઘાણી, કે. જે. પટેલ, દિપક યાદવ અને સમગ્ર ટીમનો આ માનવીય સહયોગ હંમેશા સ્મરણીય રહેશે.

# પેટ્રોલ-ડિઝલની તંગીની અફવાને લઈ અમરેલી જિલ્લાના પેટ્રોલપંપ પર કતારો

અમરેલી, તા.૦૫

ઈરાક-ઈઝરાયેલ વચ્ચેના સંઘર્ષની આશંકા વચ્ચે સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસથી ઈંધણની તંગી હોવાની અફવાઓએ જોર પકડ્યું છે. આ અફવાઓને કારણે સાવરકુંડલા, ધારી, વડીયા અને અમરેલી જેવા મુખ્ય શહેરોમાં લોકોમાં ભારે ચિંતા પ્રસરી હતી. ખાસ કરીને ખેડૂતો ખેતીકામ માટે ટ્રેક્ટરો અને મોટા બેરલો લઈને પેટ્રોલ પંપ પર



ઉમટી પડતા અંધાધૂંધી સર્જાઈ હતી. સાવરકુંડલામાં તો અચાનક માંગ વધવાને કારણે એક પંપ પર સ્ટોક ખાલી થઈ જતા વેચાણ અટકાવવું પડ્યું હતું, જેનાથી લોકોમાં ડર વધુ ઘેરો બન્યો હતો. જોકે, આ ગભરાટ વચ્ચે જિલ્લા પુરવઠા અધિકારી પ્રતીક કુંભાણીએ મક્કમતાપૂર્વક જણાવ્યું છે કે જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. તેમણે મીડિયા દ્વારા નાગરિકોને ખાતરી આપી છે કે વહીવટી તંત્ર પાસે તમામ કંપનીઓના પંપ પર પર્યાપ્ત સ્ટોક છે અને વિતરણ વ્યવસ્થા કાર્યરત છે. તંત્રએ જનતાને વિનંતી કરી છે કે સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમોથી ફેલાતી ખોટી અફવાઓથી દોરાઈને બિનજરૂરી સંગ્રહખોરી કરવી જોઈએ નહીં.

# સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા ગુરૂવારે ૧૪૯મો વિચારોનું વાવેતર કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૦૫

સુરતમાં સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા જમનાબા વિદ્યાર્થીઓ ભવન ખાતે ગુરૂવારે યોજાયેલા ૧૪૯મા વિચારોના વાવેતર કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું હતું કે, આવતી કાલની ચિંતા ન હોય તો આજનો દિવસ આનંદમય રહે છે. વર્તમાન પરિસ્થિતિમાં જન્મે તે ભય છે અને ભવિષ્યની કલ્પના કરવાથી જન્મે તે ચિંતા છે. માત્ર ભયમાં રહેવાથી કે માત્ર ચિંતા કરવાથી કોઈ ઉકેલ આવતો નથી. તેમણે નવો વિચાર આપતા જણાવ્યું હતું કે, પરિસ્થિતિનો ગણતરીપૂર્વક સામનો કરવો તે ખરી નિર્ભયતા છે. આ તકે ગુજરાત પોલીસમાં ૩૩ વર્ષ ફરજ બજાવી Dy. SP પદે ૨૦૧૫ માં નિવૃત્ત થયેલા આર.એસ. હડિયાએ નિર્ભયતા એ જીવનનો ખરો આનંદ છેના વિષયો ઉપર મંતવ્ય રજૂ કર્યું હતું. મહુવા તાલુકાના થોરાળા ગામના વતની હડિયાએ પોલીસ અધિકારી તરીકે બહાદુરી પૂર્વક કાર્ય કર્યું છે. ૧૯૯૪ માં પટણા થી પૂરી તરફ થનાર તોફાન એક્સપ્રેસમાં ૧૬ લૂંટારાઓનો હુમલો આર. એચ. હડિયાએ ચાર લૂંટારાઓને ઠાર માર્યા થોડાકને ચાલુ ટ્રેન નીચે ફેંક્યા અને બાકીનાને પકડી લઈને અપ્રિતમ બહાદુરી દાખવી હતી. તે બદલ ભારત સરકાર તરફથી ૧૯૯૬ માં "ગેલેન્ટરી એવોર્ડ" અનાયત કરવામાં આવ્યો છે.

# દામનગર સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે 'વર્ક ફોર હર'નું કરાયુ આયોજન

અમરેલી,તા.૦૫




દામનગરના સહજાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સ્વામિનારાયણ ગુરુકુલ પરિસરમાં અમરેલીની આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા 'વર્ક ફોર હર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સર્વમાં ફિટનેસ જાગૃતિ લાવવાનો હતો. ગુરુકુલના પ્રાથમિકથી લઈને ઉચ્ચતર માધ્યમિક શાળાના તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. "હાલો રે હાલો કોઈ નો જીવ બચવા હાલો" અને "ચાલો ચલાવો કોઈ ની જિંદગી બચાવો" જેવા સૂત્રોચ્ચાર સાથે માર્ચ યોજાઈ હતી.

# ઓલ ઈન્ડિયા રાયફલ શૂટિંગમાં ધોરાજીનો ધર્મ ઠેશિયા દેશભરમાં દ્વિતીય અને ગુજરાતમાં પ્રથમ

ધોરાજી, તા.૦૫

ધોરાજી શહેરના વિદ્યાર્થી ઠેશિયા ધર્મ સંજયભાઈએ સુરત ખાતે યોજાયેલા એનસીસી (NCC) કેમ્પમાં રાયફલ શૂટિંગમાં રાષ્ટ્રીય સ્તરે સફળતા મેળવી ધોરાજીનું ગૌરવ વધાર્યું છે. રોયલ સાયન્સ સ્કૂલમાં અભ્યાસ કરતા ધર્મ ઠેશિયાએ ઓલ ઈન્ડિયા રાયફલ શૂટિંગમાં દ્વિતીય રેન્ક મેળવ્યો છે અને સમગ્ર ગુજરાતમાં પ્રથમ



ક્રમે વિજેતા બન્યો છે. ધર્મ ઠેશિયા સ્પોર્ટ્સ ફાઉન્ડેશન ધોરાજીમાં પોતાની ફિઝિકલ ફિટનેસની તાલીમ મેળવતો હતો. આ ભવ્ય સફળતા દ્વારા તેણે પોતાના માતા-પિતા, ગુરુ આકાશ સોજીત્રા, પોતાની શાળા અને બટાલિયન ઓફિસરનું નામ રોશન કર્યું છે. વિદ્યાર્થીની આ સિદ્ધિ બદલ સ્પોર્ટ્સ ફાઉન્ડેશન ધોરાજીના હોદ્દેદારો અને અગ્રણીઓ દ્વારા તેને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યો હતો.

# જાફરાબાદ-રાજુલા રોડ પર જૂની અદાવતમાં યુવતીની છેડતી અને પરિવાર પર હુમલો

જાફરાબાદ, તા.૫

જાફરાબાદ-રાજુલા હાઈવે પર બાપા સીતારામની મઢુલી વાય પોઈન્ટ પાસે જૂની અદાવત રાખીને એક પરિવાર પર હુમલો કરવાની અને યુવતીની છેડતી કરવાની ગંભીર ઘટના સામે આવી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બનાવ સંદર્ભે જાફરાબાદમાં રહેતી દિવ્યાબેન માયાભાઈ બારૈયા (ઉ.વ.૨૫)એ નીખીલભાઈ પ્રેમજીભાઈ સોલંકી તથા હરેશભાઈ કરશનભાઈ ભાલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદી યુવતીના કાકા સાથે અગાઉ આરોપીઓને માથાકૂટ થઈ હતી. આ બાબતની અદાવત રાખીને આરોપીઓએ બાપા સીતારામની મઢુલી પાસે ફરિયાદી પરિવારને આંતર્યો હતો. નીખીલભાઈ સોલંકીએ તેમનો હાથ પકડી તેની સાથે ઝપાઝપી કરી હતી અને તેણે પહેરેલી કુર્તી ખેંચીને ફાડી નાખતા મામલો બિચક્યો હતો. જ્યારે યુવતીનો પરિવાર તેને બચાવવા વચ્ચે પડ્યો, ત્યારે આરોપીઓએ ઉશ્કેરાઈને તેના પિતા અને ભાઈ પર લાકડીઓ તેમજ ઢીકાપાટુ વડે હુમલો કરી મૂઢમાર માર્યો હતો. તેમજ તેના પરિવારને છરી બતાવી ગંદી ગાળો આપી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# 'તું કેમ અમારી જ્ઞાતિના માણસો સાથે રહે છે' કહી જાફરાબાદમાં વેપારી પર જીવલેણ હુમલો

જાફરાબાદ, તા.૦૫

જાફરાબાદમાં વેપાર કરતા નીખીલભાઈ પ્રેમજીભાઈ સોલંકી (ઉ.વ.૩૨) એ સાગર માયા બારૈયા, રામ બારૈયા, માયા રામ બારૈયા, પંકેશ ધોની, જગદીશ ગોરીખાયો, બાબુ રામ બારૈયા, વિશાલ રામ બારૈયા, રવિ પરમાત્મા, માયા રામ બારૈયાની દીકરી તથા માયા રામ બારૈયાની પત્નિ સામે ફરિયાદ નોંધાવી હતી.

જે મુજબ તેઓ તથા તેના મિત્ર હરેશભાઈ કરશનભાઈ ભાલીયા જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં સૂકી મચ્છી અને લાકડાનો વેપાર કરે છે.

બે દિવસ પહેલા તેઓસાંજના આશરે પાંચ વાગ્યે પોતાની ઓફિસેથી ઘર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન જાફરાબાદ-રાજુલા રોડ પર 'વાય પોઈન્ટ' પાસે બાપા સીતારામની મઢુલી નજીક આરોપીઓએ તેમને આંતર્યા હતા. આરોપી સાગર માયા બારૈયા અને રામ બારૈયાએ ફરિયાદીની ફોર-વ્હીલર આગળ પોતાની મોટરસાયકલ ઉભી રાખી દીધી હતી. આરોપીઓએ "તું કેમ અમારી જ્ઞાતિના માણસો સાથે રહે છે?" તેમ કહી અને વેપાર કરતા હોવાથી અદાવત રાખી ગાળાગાળી કરી હતી. ઉપરાંત ઢોર માર માર્યો હતો તેમજ તેમના ગળામાંથી સોનાનો ચેઈન ખેંચીને લૂંટી લીધો હતો.

-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.101/2026
જન્મ તારીખ : 01/06/1994

શ્રી અબ્દુલભાઈ ઓસમાણભાઈ ઈસબાણી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી અબ્દુલભાઈ ઓસ્માણભાઈ ઈસબાણી, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ઓસમાણભાઈ ઈસબાણી તથા રહેમતબેન ઈસબાણી ના પુત્ર અબ્દુલભાઈ ઓસમાણભાઈ ઈસબાણીનો જન્મ તારીખ.01/06/1994ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# બગસરામાં સ્વદેશી મેળામાં વીજ ચોરી પકડાઈ, PGVCL દ્વારા કનેક્શન કાપી કડક કાર્યવાહી કરાઈ

બગસરા,તા.૦૫

બગસરા શહેરમાં તારીખ ૨ માર્ચથી ૮ માર્ચ દરમિયાન ભવ્ય સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મેળાનું ઉદ્ઘાટન સ્થાનિક ધારાસભ્ય અને અન્ય રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ખૂબ જ ધામધૂમથી કરવામાં આવ્યું હતું. જોકે, આયોજકોએ વીજળીના વપરાશ માટે



તસવીર : હાર્દિક બામટા

પીજીવીસીએલ કચેરીની કોઈ પણ પ્રકારની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના ગેરકાયદેસર રીતે લાઈટ કનેક્શન જોડી દીધું હતું. આ ગંભીર બાબત પીજીવીસીએલના ઈજનેરના ધ્યાને આવતા તેમણે તાત્કાલિક સ્થળ પર પહોંચીને વીજ જોડાણ કાપી નાખ્યું હતું. તંત્ર દ્વારા આયોજકો સામે દંડનીય કાર્યવાહી કરવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી છે. સંચાલકોની આ ઉઘાડી બેદરકારી અને કાયદાના ઉલ્લંઘનને કારણે હવે મેળામાં ખરીદી કરવા આવતા મુલાકાતીઓને અંધારામાં હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. ઈજનેરની સતર્કતાને લીધે વીજ કંપનીને થતું આર્થિક નુકસાન અટકાવી શકાયું છે.

-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.98/2026
જન્મ તારીખ : 01/06/1969

શ્રી ગફુરભાઈ અબુભાઈ ઈસબાણી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ગફુરભાઈ અબુભાઈ ઈસબાણી, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી અબુભાઈ ઈસબાણી તથા ના પુત્ર ગફુરભાઈ અબુભાઈ ઈસબાણીનો જન્મ તારીખ.01/06/1969ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## જાહેર નોટિસ

આથી હું અમીત પી. ચોવટીયા(એડવોકેટ) અમારા અસીલની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટિસ આપવામાં આવે છે કે, અમારા અસીલ નીચેના પરીશીષ્ટમાં દર્શાવેલ મિલ્કત ખેતીની જમીન ખરીદ કરવા માંગે છે અને તેના માલીક ગોપાલભાઈ પરસોતમભાઈ પોકળ, રહે.મું.રાજકોટ, ઠે.ક્રિસ્ટલ સીટી, ફલેટ નં.૫૦૩/એ, ડી-માર્ટ, કુવાડવા રોડ, રાજકોટ વાળા પાસેથી વેચાણ રાખવા માગણી કરેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે, કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ, બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હક હોય કે, સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે, આ મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે દિન-૮ (આઠ) માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા તો રજી. એડીથી જાણ કરવી. દિવસ-૮ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ જેથી લાગતા વળગતાએ સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના મોજે પીપળલગ ગામના ખેડ ખાતા નં.૭૧૫ સ.નં.૫૮૧/ પૈકી૧ (પ્રમોલગેશન પહેલના જુના સ.નં.૫/પૈકીર) ની હે.આ.ચો.મી.ર-૬૭-૮૮ ધારણ કરનાર ગોપાલભાઈ પરસોતમભાઈ વાળી ખેતીની જમીન અમારા અસીલ ખરીદ કરવા માગે છે.**

**અમીત પી. ચોવટીયા** (એડવોકેટ)
મો.૯૯૧૩૬ ૪૧૧૬૭.
સરનામું : ઓફિસ નં.૧૦૧-૧૦૨, પહેલો માળ, ટ્રેડ સેન્ટર, મલય ઝેરોક્ષની સામે, સીવીલ હોસ્પીટલ રોડ, અમરેલી - ૩૬૫૬૦૧

-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટસાહેબનીકોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.102/2026
જન્મ તારીખ : 01/06/1989

શ્રી ઈસુબભાઈ ઈબ્રાહીમભાઈ ઈસબાણી,
રહે.મુળ દ્વારકા, ગામ-મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મુળ દ્વારકા, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ઈસુબભાઈ ઈબ્રાહીમભાઈ ઈસબાણી, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ઈબ્રાહીમભાઈ ઈસબાણી તથા જીલુબેન ઈબ્રાહીમભાઈ ઈસબાણી ના પુત્રી હમીદા ઈબ્રાહીમભાઈ ઈસબાણીનો જન્મ તારીખ.01/06/1989ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## જાહેર નોટિસ

આથી હું અમીત પી. ચોવટીયા(એડવોકેટ) અમારા અસીલની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટિસ આપવામાં આવે છે કે, અમારા અસીલ નીચેના પરીશીષ્ટમાં દર્શાવેલ મિલ્કત ખેતીની જમીન ખરીદ કરવા માંગે છે અને તેના માલીક જેન્તીભાઈ પરસોતમભાઈ પોકળ, રહે.મું.રાજકોટ, ઠે.ભગીરથ સોસાયટી, શેરી નં.૬, સંતકબીર રોડ, રાજકોટ વાળા પાસેથી વેચાણ રાખવા માગણી કરેલ છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે, કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ, બાનાખત કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે, સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે, આ મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયે દિન-૮ (આઠ) માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા તો રજી. એડીથી જાણ કરવી. દિવસ-૮ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ જેથી લાગતા વળગતાએ સર્વેએ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના મોજે પીપળલગ ગામના ખેડ ખાતા નં.૭૧૬ સ.નં.૫૮૧ (પ્રમોલગેશન પહેલના જુના સ.નં.૫/પૈકીર) ની હે.આ.ચો.મી. ૦-૪૫-૮૨ તથા સ.નં.૫૮૨ (પ્રમોલગેશન પહેલના જુના સ.નં.૫/પૈકી૧) ની હે.આ.ચો.મી.૨-૨૨-૦૬ ધારણ કરનાર જેન્તિભાઈ પરસોતમભાઈ વાળી ખેતીની જમીન અમારા અસીલ ખરીદ કરવા માગે છે.**

**અમીત પી. ચોવટીયા** (એડવોકેટ)
મો.૯૯૧૩૬ ૪૧૧૬૭.
સરનામું : ઓફિસ નં.૧૦૧-૧૦૨, પહેલો માળ, ટ્રેડ સેન્ટર, મલય ઝેરોક્ષની સામે, સીવીલ હોસ્પીટલ રોડ, અમરેલી - ૩૬૫૬૦૧

# ‘લશ્કરી સંઘર્ષ ઉકેલ નથી, શાંતિ જ માર્ગ’: પીએમ મોદીએ યુક્રેન અને પશ્ચિમ એશિયામાં યુદ્ધ વિરામની અપીલ કરી



નવી દિલ્હી, તા.૦૫

રાયસીના સંવાદ ૨૦૨૬ના મુખ્ય અતિથિ અને ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ સાથેની મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક શાંતિ પર ભાર મૂક્યો હતો. પીએમ મોદીએ સ્પષ્ટ જણાવ્યું કે, યુક્રેન હોય કે પશ્ચિમ એશિયા (ઈરાન-ઈઝરાયેલ), લશ્કરી સંઘર્ષ કોઈ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવી શકતો નથી. તેમણે સંવાદ અને રાજદ્વારી પ્રયાસોને જ સંઘર્ષ ઉકેલવાનો એકમાત્ર માર્ગ ગણાવ્યો છે. બંને દેશો વચ્ચે હૈદરાબાદ હાઉસ ખાતે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો બાદ મહત્વના MOU થયા હતા. પીએમ મોદીએ જાહેરાત કરી કે ભારત અને ફિનલેન્ડ સંયુક્ત રીતે ‘વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ’નું આયોજન કરશે. વડાપ્રધાને ભારત-EU મુક્ત વેપાર કરાર ૨૦૨૬ના અમલીકરણને ઐતિહાસિક ગણાવતા કહ્યું કે, તેનાથી ટેકનોલોજી અને રોકાણ ક્ષેત્રે નવી તકો ઉભી થશે. તેમણે ચેનાબ નદી પરના વિશ્વના સૌથી ઊંચા રેલવે બ્રિજમાં ફિનિશ આર્કિટેક્ટ્સના સહયોગને પણ બિરદાવ્યો હતો. બંને નેતાઓએ વૈશ્વિક સંસ્થાઓમાં સુધારા અને આતંકવાદને નાબૂદ કરવા અંગે સહિયારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# IAS શાલિની અગ્રવાલનું પુસ્તક ‘શેપિંગ ટુમોરોઝ સિટીઝ’નું સીએમ ભુપેન્દ્ર પટેલના હસ્તે વિમોચન



ગાંધીનગર, તા.૦૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુરુવારે ગાંધીનગરમાં વરિષ્ઠ IAS અધિકારી શાલિની અગ્રવાલ દ્વારા લિખિત પુસ્તક “શેપિંગ ટુમોરોઝ સિટીઝ”નું વિમોચન કર્યું હતું. ૨૦૦૫ બેચના ગુજરાત કેડરના અધિકારી અને હાલ GUVNLના એમડી તરીકે કાર્યરત શાલિની અગ્રવાલે તેમના બે દાયકાના અનુભવોના આધારે ભવિષ્યના શહેરી આયોજન પર આ પુસ્તક લખ્યું છે. આ પુસ્તકમાં શહેરોને આબોહવા પરિવર્તનના જોખમો સામે સુરક્ષિત કરી ‘ગ્રીન સિટી’માં રૂપાંતરિત કરવાની નવીન વ્યૂહરચનાઓ રજૂ કરવામાં આવી છે. શાલિની અગ્રવાલના સુરત મ્યુનિસિપલ કમિશનર તરીકેના કાર્યકાળ દરમિયાન સુરતે સ્વચ્છતામાં દેશમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. પુસ્તકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘પંચામૃત સંકલ્પ‘ અને સુરતના પ્રગતિશીલ મોડલની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. વધતા શહેરીકરણને ધ્યાનમાં રાખીને, આ પુસ્તક સેટેલાઈટ શહેરો અને વિશ્વકક્ષાની આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવામાં માર્ગદર્શક બની રહેશે. વિમોચન પ્રસંગે મુખ્યમંત્રીએ ટકાઉ વિકાસ અને નવીન શાસન માટે લેખિકાના પ્રયાસોને બિરદાવ્યા હતા.

# આસામ ચૂંટણી : NDAમાં બેઠકોની વહેંચણી નક્કી, ભાજપે નવા સાથી પક્ષ BPF સાથે મિલાવ્યો હાથ

ગુવાહાટી, તા.૦૫

આસામ વિધાનસભા ચૂંટણી માટે ભાજપ પ્રેરિત NDA ગઠબંધનમાં બેઠકોની વહેંચણીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ પુષ્ટિ કરી છે કે ભાજપ આ વખતે આસોમ ગણ પરિષદ (AGP) અને બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટ (BPF) સાથે મળીને ચૂંટણી લડશે. જોકે, ભાજપના આ નિર્ણયથી નારાજ થઈને જૂના સાથી પક્ષ UPPLએ બોડોલેન્ડની ૧૫ સહિત કુલ ૨૧ બેઠકો પર NDA સામે પડકાર ફેંકવાની જાહેરાત કરી છે. નોંધનીય છે કે બોડોલેન્ડમાં તાજેતરની કાઉન્સિલ ચૂંટણીમાં BPF એ ૪૦ માંથી ૨૮ બેઠકો જીતી મજબૂત પક્કડ સાબિત કરી હતી, જેના કારણે ભાજપે વ્યૂહાત્મક રીતે તેની સાથે જોડાણ કર્યું છે. આસામની ૧૨૬ બેઠકો માટેની અંતિમ ફોર્મ્યુલા આગામી ૩-૪ દિવસમાં ભાજપના કેન્દ્રીય સંસદીય બોર્ડની મંજૂરી બાદ જાહેર કરવામાં આવશે.

# ઈરાન-અમેરિકા વચ્ચેના યુધ્ધને લઈ વૈશ્વિક તેલ સંકટ વચ્ચે રશિયા ભારતની મદદે

**ભારતીય દરિયાઈ સીમાની નજીક અંદાજે ૯.૫ મિલિયન બેરલ રશિયન ક્રૂડ ઓઈલ લાદેલા જહાજો**

ન્યુ દિલ્હી,તા.૦૫

વર્તમાનમાં ઈરાન અને અમેરિકા વચ્ચે વણસેલી સ્થિતિને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં તેલના પરિવહન પર માઠી અસર પડી છે. ભારત પોતાની જરૂરિયાતનું ૪૦% ક્રૂડ આ માર્ગે મેળવતું હોવાથી આ પુરવઠો ખોરવાતા તેલ સંકટની ગંભીર આશંકા સેવાઈ રહી છે. જોકે, આ કટોકટીમાં રશિયાએ ભારતને તેલ સપ્લાયની ખાતરી આપી મોટી રાહત પહોંચાડી છે. હાલમાં ભારતીય દરિયાઈ સીમાની નજીક અંદાજે ૯.૫ મિલિયન બેરલ રશિયન ક્રૂડ ઓઈલ લાદેલા જહાજો ઉપસ્થિત છે, જે ટૂંક સમયમાં ભારત પહોંચશે. ભારતીય રિફાઈનરો દરરોજ ૫.૬ મિલિયન બેરલ ક્રૂડ પ્રોસેસ કરે છે અને દેશ પાસે હાલ ૨૫ દિવસનો સ્ટોક ઉપલબ્ધ છે. રશિયા ભારતની જરૂરિયાતનો ૪૦% હિસ્સો પૂરો કરવા તૈયાર છે, પરંતુ તેનો આખરી નિર્ણય અમેરિકા સાથેની વ્યાપારી વાટાઘાટો અને સરકારના માર્ગદર્શન બાદ લેવામાં આવશે. આમ, સમુદ્રી માર્ગો જોખમી બનતા ભારત હવે રશિયા જેવા વૈકલ્પિક સ્ત્રોતો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.



# સુરતના રાંદેરમાં રમઝાનના પવિત્ર પર્વે ખૂની ખેલ ખેલાયો : પિતરાઈ ભાઈએ જ ભાઈની કરી હત્યા

સુરત, તા.૦૫

શહેરના રાંદેર વિસ્તારમાં રમઝાનના પવિત્ર માસ દરમિયાન હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં એક યુવકે પોતાના જ પિતરાઈ ભાઈની ચપ્પુના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી નાખી છે. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મૃતક સુલતાન અહમદ રમઝાન નિમિત્તે પોતાની માતાને મળવા આવ્યો હતો. આ દરમિયાન પિતરાઈ ભાઈ સાથે કોઈ સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી.

વિવાદ વકરતા આવેશમાં આવેલા આરોપીએ તીક્ષ્ણ હથિયાર વડે સુલતાન પર હુમલો કર્યો હતો, જેમાં ગંભીર ઈજાઓ થવાથી તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. રાંદેર પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપીને અટકાયતમાં લીધો છે અને હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મહારાષ્ટ્ર રાજ્યસભા ચૂંટણી : સંખ્યાબળના અભાવે પ્રિયંકા ચતુર્વેદીની ટિકિટ કપાઈ, MVA શરદ પવારને ટેકો આપશે



મુંબઈ, તા.૦૫

શિવસેના (UBT) એ રાજ્યસભાની ચૂંટણી માટે પ્રિયંકા ચતુર્વેદીને ઉમેદવાર ન બનાવવાનું કારણ સ્પષ્ટ કર્યું છે. સંજય રાઉતે જણાવ્યું હતું કે, પાર્ટી પ્રિયંકાજીને બીજી તક આપવા માંગતી હતી, પરંતુ પૂરતા સંખ્યાબળના અભાવે અને શરદ પવાર જેવા વરિષ્ઠ નેતાની ઉમેદવારીને કારણે આ નિર્ણય લેવો પડ્યો છે. મહા વિકાસ આઘાડી (MVA) ના ત્રણેય પક્ષો હવે સંયુક્ત રીતે શરદ પવારને ટેકો આપશે. બીજી તરફ, ભાજપે મહારાષ્ટ્રની સાત બેઠકો પૈકી ચાર બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જેમાં કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે, વિનોદ તાવડે, માયા ઈવનાટે અને રામરાવ વાડકુટેનો સમાવેશ થાય છે. વિનોદ તાવડેની ઉમેદવારીને સંગઠનાત્મક કામગીરીનું ફળ ગણાવવામાં આવી રહ્યું છે. કોંગ્રેસે પણ શરદ પવારની ઉમેદવારીને સમર્થન આપી બેઠક પરના વિવાદનો અંત લાવ્યો છે. મહારાષ્ટ્રમાં આગામી મહિને સાત બેઠકો ખાલી થઈ રહી છે, જેના કારણે રાજકીય ગરમાવો વધ્યો છે.

# આતંકવાદ સામે ભારતનું આક્રમક વલણ : ISIS અને અલ-કાયદાને નાબૂદ કરવા આંતરરાષ્ટ્રીય સમુદાયને હાકલ



નવી દિલ્હી, તા.૦૫

ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં આતંકવાદ સામે કડક રણશિંગું ફૂંકતા આંતરરાષ્ટ્રીય સમુદાયને ISIS, અલ-કાયદા અને તેમના પ્રોક્સી સંગઠનો વિરુદ્ધ એક થઈને કાર્યવાહી કરવા આહ્વાન કર્યું છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી મિશનના પ્રથમ સચિવ રઘુ પુરીએ ભારપૂર્વક જણાવ્યું કે, આતંકવાદ એ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે ‘અસ્તિત્વનો ખતરો’ છે, જે કોઈ પણ સીમા કે રાષ્ટ્રીયતાને ઓળખતો નથી. ભારતે એપ્રિલ ૨૦૨૫માં જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કર્યો, જેમાં ૨૬ નિર્દોષ પ્રવાસીઓએ જીવ ગુમાવ્યા હતા. રઘુ પુરીએ જણાવ્યું કે, ત્રણ દાયકાથી સરહદ પારના આતંકવાદનો ભોગ બનેલું ભારત આતંકવાદના માનવીય અને સામાજિક-આર્થિક નુકસાનથી સારી રીતે વાકેફ છે. ભારતે આતંકવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી અદ્યતન ટેકનોલોજી અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં ‘દિલ્હી ઘોષણાપત્ર’ને એક સીમાચિહ્નરૂપ દસ્તાવેજ ગણાવતા ભારતે ઉભરતી ટેકનોલોજીના દુરુપયોગને અટકાવવા પર ભાર મૂક્યો હતો. ‘ગ્લોબલ કાઉન્ટર-ટેરરિઝમ સ્ટ્રેટેજી’ (GCTS)ની આગામી સમીક્ષામાં ભારત સક્રિય ભૂમિકા ભજવશે અને ફિનલેન્ડ તથા મોરોક્કો જેવા સહ-સંયોજક દેશોને સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી છે.

# સોનુ સૂદ ફરી બન્યો ‘તારણહાર’ : અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે દુબઈમાં ફસાયેલા લોકો માટે મફત આવાસની વ્યવસ્થા કરી



મુંબઈ, તા.૦૫

અમેરિકા અને ઈરાન વચ્ચેના લશ્કરી સંઘર્ષને કારણે મધ્ય પૂર્વમાં ઉભી થયેલી કટોકટી વચ્ચે અભિનેતા સોનુ સૂદ ભારતીયો સહિત અનેક પ્રવાસીઓ માટે વહારે આવ્યો છે. દુબઈ એરપોર્ટ પર ફસાયેલા અને બેઘર થયેલા લોકો માટે સોનુએ મફત રહેવાની વ્યવસ્થાની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરતા તેમણે જણાવ્યું કે, કોઈ પણ રાષ્ટ્રીયતા કે શરત વગર માત્ર માનવતાના ધોરણે જે લોકો ફસાયા છે તેઓ ઈન્સ્ટાગ્રામ પર સંપર્ક કરી શકે છે. નેટીઝન્સ અને બોલિવૂડ હસ્તીઓએ સોનુની આ ઉમદા પહેલને બિરદાવી તેને સાચો હીરો ગણાવ્યો છે.

# નેપાળમાં જનાક્રોશ બાદ સામાન્ય ચૂંટણી માટે શાંતિપૂર્ણ મતદાન



કાઠમંડુ,તા.૦૫

નેપાળમાં ગુરૂવારના રોજ સવારે ૭ થી સાંજે ૫ વાગ્યા દરમિયાન સામાન્ય ચૂંટણી માટે શાંતિપૂર્ણ મતદાન થયું જેમાં આશરે ૬૦% ટકાવારી નોંધાઈ છે. સપ્ટેમ્બર ૨૦૨૫ના જનઆક્રોશ બાદ યોજાયેલી આ પ્રથમ ચૂંટણી હોવાથી વૈશ્વિક સ્તરે તેનું મહત્વ વધ્યું છે. વડાપ્રધાન સુશીલા કાર્કીએ મતદાન કર્યા બાદ તેને દેશના ભવિષ્ય માટે નિર્ણાયક ગણાવી હતી. હવે બાલેન શાહ, કેપી શર્મા ઓલી અને ગગન થાપા વચ્ચે વડાપ્રધાન પદ માટે સીધી સ્પર્ધા જોવા મળી રહી છે.

# મુંબઈમાં સેલિબ્રિટીની હાજરીમાં અર્જુન તેંડુલકર અને સાનિયા ચંડોક લગ્નગ્રંથિથી જોડાયા



મુંબઈ, તા.૦૫

ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંડુલકરના પુત્ર અર્જુન તેંડુલકરે ૫ માર્ચે મુંબઈમાં તેની લાંબા સમયની મિત્ર સાનિયા ચંડોક સાથે લગ્ન કર્યા છે. આ ભવ્ય સમારોહમાં રાહુલ દ્રવિડ, સુરેશ રૈના અને આકાશ ચોપરા સહિત ક્રિકેટ અને બોલિવૂડ જગતની અનેક હસ્તીઓ હાજર રહી હતી. સાનિયા ચંડોક એક સફળ ઉદ્યોગ સાહસિક છે અને પાલતુ સ્પા ચેઈન ચલાવે છે. અર્જુન અને સાનિયાના પરિવારો વર્ષોથી ગાઢ સંબંધો ધરાવે છે. ઓગસ્ટ ૨૦૨૫માં સગાઈ કર્યા બાદ આ યુગલ હવે લગ્નબંધનમાં જોડાયું છે. સોશિયલ મીડિયા પર સચિન અને અંજલિ તેંડુલકર નવદંપતીને આશીર્વાદ આપતા જોવા મળ્યા હતા, જેમના ફોટા હાલ વાયરલ થઈ રહ્યા છે.

# ટી-૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાની ખેલાડીની શરમજનક કરતૂત : હોટલની મહિલા કર્મચારી સાથે છેડતીનો આરોપ




કરાંચી, તા.૦૫

ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં કંગાળ પ્રદર્શન બાદ પાકિસ્તાની ક્રિકેટ ટીમ હવે એક ગંભીર વિવાદમાં ફસાઈ છે. શ્રીલંકાના કેન્ડીમાં રમાયેલી સુપર-૮ મેચો દરમિયાન, પાકિસ્તાની ટીમના એક ખેલાડી પર હોટલની મહિલા હાઉસકીપિંગ સ્ટાફ સાથે છેડતી અને ગેરવર્તન કરવાનો ચોંકાવનારો આરોપ લાગ્યો છે. અહેવાલો અનુસાર, પાકિસ્તાની ટીમ કેન્ડીની ‘ગોલ્ડન ક્રાઉન‘ હોટલમાં રોકાઈ હતી. શ્રીલંકા સામેની મેચ પહેલા એક ખેલાડીએ મહિલા કર્મચારી સાથે અણછાજતું વર્તન કરતા મહિલાએ મદદ માટે ચીસો પાડી હતી. હોટલ સ્ટાફ દોડી આવતા મામલો બિચક્યો હતો. ઘટનાની ગંભીરતા જોઈ પાકિસ્તાન ટીમના મેનેજર નવીદ ચીમાએ તુરંત હોટલ મેનેજમેન્ટની માફી માંગી હતી અને સંબંધિત ખેલાડીને દંડ ફટકારી મામલો થાળે પાડવા પ્રયાસ કર્યો હતો. જોકે, આ ઘટના બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી કે ખેલાડીના નામનો ખુલાસો કર્યો નથી. વર્લ્ડ કપમાં ભારત સામેની હાર અને ન્યૂઝીલેન્ડ સામે ખરાબ રન રેટને કારણે બહાર ફેંકાયા બાદ પહેલેથી જ ટીકાઓનો સામનો કરી રહેલી પાકિસ્તાની ટીમ માટે આ ઘટનાએ વધુ શરમજનક સ્થિતિ પેદા કરી છે. પીસીબીએ અગાઉ ખરાબ પ્રદર્શન બદલ દરેક ખેલાડીને ૫ મિલિયનનો દંડ ફટકાર્યો હતો, પરંતુ હવે આ નૈતિક પતનના કિસ્સાએ ક્રિકેટ જગતમાં ભારે હોબાળો મચાવ્યો છે.

# ઈરાન-અમેરિકા યુધ્ધ હવે હિન્દ મહાસાગર સુધી વકર્યું

**ઈરાનમાં છેલ્લા પાંચ દિવસના હુમલામાં અત્યાર સુધીમાં ૧,૦૪૫ લોકોના મોત**




નવી દિલ્હી,તા.૦૫

યુએસ અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલાના છઠ્ઠા દિવસે મધ્ય પૂર્વમાં સ્થિતિ અત્યંત સ્ફોટક બની છે. આ યુદ્ધ હવે માત્ર પ્રાદેશિક સીમાઓ સુધી મર્યાદિત ન રહેતા હિંદ મહાસાગર સુધી વિસ્તરી ગયું છે. ઈરાનના ૩૩ નાગરિક અને લશ્કરી લક્ષ્યો પર થયેલા ભીષણ હુમલાઓએ માનવીય અને આર્થિક સંકટ ઊભું કર્યું છે. ઈરાની રાજ્ય મીડિયાના અહેવાલ અનુસાર, છેલ્લા પાંચ દિવસના હુમલામાં અત્યાર સુધીમાં ૧,૦૪૫ લોકોના મોત થયા છે અને ૬,૦૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. ઈરાનનો દાવો છે કે અમેરિકા અને ઈઝરાયલે હોસ્પિટલો, શાળાઓ અને તેહરાનના ઐતિહાસિક ‘ગોલેસ્તાન પેલેસ’ જેવા નાગરિક સ્થળોને નિશાન બનાવ્યા છે. આ દરમિયાન, ઉત્તરપશ્ચિમ ઈરાનમાં કુર્દિશ-ઈરાની સશસ્ત્ર જૂથોએ સરકાર સામે જમીની હુમલા શરૂ કરતા આંતરિક અસ્થિરતામાં વધારો થયો છે. હિંદ મહાસાગરમાં શ્રીલંકાના દરિયાકાંઠે યુએસ સબમરીન દ્વારા ઈરાની યુદ્ધ જહાજ ‘આઈરિસ દેના’ને તોડી પાડવામાં આવ્યું છે, જેમાં ૮૭ લોકોના મોત થયા છે. બીજી તરફ, રાજદ્વારી સ્તરે સ્પેને અમેરિકાને તેના લશ્કરી મથકોનો ઉપયોગ કરવાની મનાઈ ફરમાવી છે, જેના જવાબમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પેન સાથેના વેપાર સંબંધો કાપી નાખવાની ધમકી આપી છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) દ્વારા વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ‘હોર્મુઝની સામુદ્રધુની’ બંધ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ માર્ગ વિશ્વના કુલ તેલ વેપારના પાંચમા ભાગ અને આશરે ૧૯% લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) ના વહન માટે જવાબદાર છે.

# ધૂળેટીના પર્વ પર માતમ : ડૂબી જવાથી રાજ્યભરમાં ૨૦ લોકોના કરૂણ મોત

અમદાવાદ, તા.૦૫



ગુજરાતમાં આ વર્ષે ધૂળેટીનો તહેવાર અનેક પરિવારો માટે કાળમુખો સાબિત થયો છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં નદી અને તળાવમાં ડૂબી જવાની દુર્ઘટનાઓમાં કુલ ૨૦ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેના કારણે આનંદનો ઉત્સવ શોકમાં ફેરવાઈ ગયો છે. અમદાવાદમાં સાબરમતી નદીમાં ૪ અને વિરમગામના ઝોલાસર તળાવમાં નાહવા પડેલા ૩ માસૂમ બાળકોના ડૂબી જવાથી મોત નિપજ્યા છે. આવી જ રીતે, મહિસાગરના રાઘવના મુવાડા ગામે તળાવમાં ૪ યુવકો અને સુરતના માંગરોળમાં કીમ નદીમાં ૩ યુવાનોના ડૂબવાથી કરુણ મોત થયા છે. આ ઉપરાંત, અરવલ્લીમાં ૨ બાળકો અને અમરેલીની શેત્રુંજી નદીમાં ૧ યુવકે જીવ ગુમાવ્યો છે. તહેવારની મસ્તીમાં પાણીના ઊંડાણમાં ઉતરી જવાની બેદરકારી ભારે પડી છે. સ્થાનિક તરવૈયાઓ અને ફાયર બ્રિગેડની ટીમોએ ભારે જહેમત બાદ મૃતદેહો બહાર કાઢ્યા હતા. પોલીસે આ તમામ બનાવો અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદથી 'સરદાર એકતા યાત્રા'નો ભવ્ય પ્રારંભ : સીએમ પટેલે અખંડ ભારતના શિલ્પીને વંદન કરી લીલી ઝંડી આપી

અમદાવાદ, તા.૦૫



અખિલ ભારતીય કુર્મી પાટીદાર મહાસભા દ્વારા આયોજિત 'સરદાર એકતા યાત્રા'ને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે તેમણે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે તેમની રાષ્ટ્રીય એકતાની વિચારધારાને યાદ કરી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૨૦૧૪થી સરદાર સાહેબની જયંતીને 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવવાની પરંપરા શરૂ થઈ છે. 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' એ સરદાર સાહેબની વિરાટતા અને ભારતીય અખંડિતતાનું વૈશ્વિક પ્રતીક છે. તેમણે ૫૬૫ રજવાડાંઓને એક કરી અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું, જેમના 'નેશન ફર્સ્ટ'ના સંકલ્પને વડાપ્રધાન 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' દ્વારા સાકાર કરી રહ્યા છે. ગુજરાત અને મધ્યપ્રદેશમાં ફરનારી આ યાત્રામાં સરદાર સાહેબના જીવન સાથે જોડાયેલી અમૂલ્ય ચીજો પ્રદર્શિત કરાશે. મુખ્યમંત્રીએ સૌને સ્વદેશી અપનાવી 'વિકસિત ભારત' અને 'આત્મનિર્ભર ભારત'ના નિર્માણમાં જોડાઈ સરદાર સાહેબને સાચી ભાવાંજલિ આપવા આહ્‌વાન કર્યું હતું. આ કાર્યક્રમમાં ગોરધન ઝડફિયા સહિત અનેક પાટીદાર અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોબાઈલ બાબતે થયેલી માથાકૂટ : રાજકોટમાં કેકેવી બ્રિજ નીચે નેપાળી યુવકની પથ્થર મારી હત્યા

રાજકોટ, તા.૦૫

શહેરમાં ધૂળેટીના પર્વે કેકેવી ચોક ઓવરબ્રિજ નીચે ૩૩ વર્ષીય નેપાળી યુવક રાહુલ વિશ્વકર્માની પથ્થર મારી હત્યા કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. મૃતક યુવક હોટલમાં વેઈટર તરીકે કામ કરતો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, રાહુલે એક અજાણ્યા શખ્સ પાસે મોબાઈલ ફોન માંગતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ મામલો એટલો બિચક્યો કે સામેની વ્યક્તિએ પથ્થર વડે રાહુલ પર જીવલેણ હુમલો કર્યો હતો.

લોહીલુહાણ હાલતમાં તેને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. માલવિયા નગર પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે એક શંકાસ્પદની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. મૃતક રુદન કરી રહેલી તેની માસૂમ પુત્રી, માતા અને બહેનનો સહારો હતો.

# કાળઝાળ ગરમીની શરૂઆત : રાજકોટ ૩૯.૨ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર

અમદાવાદ, તા.૦૫



ગુજરાતમાં માર્ચ મહિનાની શરૂઆતમાં જ ઉનાળાએ આક્રમક તેવર બતાવ્યા છે. ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી પાંચ દિવસમાં તાપમાનમાં હજુ ૩ થી ૫ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે, જેના કારણે રાજ્યમાં હીટવેવની સ્થિતિ સર્જાઈ શકે છે. હાલમાં રાજકોટ ૩૯.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને અમરેલી જેવા શહેરોમાં પણ પારો ૩૮ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ક્લાઈમેટ ચેન્જના કારણે આ વર્ષે ગરમીનું પ્રમાણ સામાન્ય કરતા વધુ રહેવાની ધારણા છે. ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમીની સાથે ભેજનું પ્રમાણ વધતા અકળામણ અનુભવાશે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી ૯૦ દિવસોમાં લૂ લાગવાના કિસ્સા વધી શકે છે, તેથી નાગરિકોને બપોરના સમયે સાવચેતી રાખવા અને હાઈડ્રેટેડ રહેવા સલાહ આપવામાં આવી છે.

# રાજ્યમાં ભૂકંપના બે આંચકા : કચ્છમાં ૩.૪ અને દાહોદમાં ૨.૫ની તીવ્રતા નોંધાઈ

અમદાવાદ, તા.૦૫

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના બે વિરુદ્ધ છેડાઓ પર ભૂકંપના આંચકા અનુભવાયા છે. કચ્છ અને દાહોદ જિલ્લામાં ધરા ધ્રૂજતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો, જોકે સદનસીબે કોઈ જાન-માલનું નુકસાન થયું નથી. કચ્છના ભચાઉ પાસે બપોરે ૧:૪૩ કલાકે ૩.૪ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો, જેનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૧૨ કિમી દૂર નોંધાયું હતું. બીજી તરફ, પૂર્વ ગુજરાતના દાહોદમાં સવારે ૧૧:૫૫ વાગ્યે ૨.૫ની તીવ્રતાનો હળવો આંચકો નોંધાયો હતો. તેનું કેન્દ્રબિંદુ દાહોદથી ૩૪ કિમી દૂર અને જમીનથી ૧૭.૭ કિમીની ઊંડાઈએ હતું. ગાંધીનગર સ્થિત 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ' (ISR) મુજબ, રાજ્યમાં સક્રિય ફોલ્ટ લાઈનોને કારણે આવા આંચકા આવતા રહે છે.






# અમદાવાદમાં ટ્રેન અડફેટે બે યુવકોના અને લૂંટના ઈરાદે વૃધ્ધાની હત્યા

અમદાવાદ, તા.૦૫

ધૂળેટીના પર્વે શહેરમાં બે અલગ-અલગ કરુણ ઘટનાઓ સામે આવી છે. વાડજ વિસ્તારમાં નારણપુરા રેલવે ફાટક પાસે ગાંધીધામ-અમદાવાદ ટ્રેનની અડફેટે આવતા બે વ્યક્તિઓના કરુણ મોત નીપજ્યા છે. મૃતકો પૈકી ૪૭ વર્ષીય સત્યજીત શ્રીમાળીની ઓળખ થઈ છે, જેઓ ફોન પર વાત કરવામાં મશગૂલ હોવાથી અકસ્માતનો ભોગ બન્યા હોવાનું પ્રાથમિક અનુમાન છે. બીજા મૃતકની ઓળખ માટે પોલીસે તપાસ તેજ કરી છે. અન્ય એક ઘટનામાં, સરદારનગર વિસ્તારમાં હોળીની રાત્રે ૬૨ વર્ષીય ભારતીબેન બજરંગી નામના વૃદ્ધાની હત્યા કરવામાં આવી છે. ત્રણ અજાણ્યા શખ્સોએ લૂંટના ઈરાદે ઘરમાં ઘૂસી વૃદ્ધાને મોતને ઘાટ ઉતારી ફરાર થઈ ગયા હતા. પોલીસે 'લૂંટ વિથ મર્ડર'નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત માર્ચ - ૨૦૨૬ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

માર્ચ -૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિ દીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.


# રાજકોટમાં એક લિંક ક્લિક કરતા જ વેપારીએ રૂ.૧૦.૮૭ લાખ ગુમાવ્યા

રાજકોટ, તા.૦૫

શહેરમાં સાયબર ફ્રોડનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં 'હાઉઝ સ્પોર્ટ કોર્નર' નામની દુકાન ધરાવતા ૬૨ વર્ષીય સંદીપ ગાંધી નામના વેપારી છેતરપિંડીનો ભોગ બન્યા છે. અજાણ્યા વોટ્સએપ નંબર પરથી આવેલી એક શંકાસ્પદ ફાઈલ ડાઉનલોડ કરતા વેપારીના ખાતામાંથી ૧૦,૮૭,૭૯૦ ઉપડી ગયા હતા. ઘટનાની વિગત મુજબ, વેપારીને 'RTO ટ્રાફિક' નામે એક એપ્લિકેશન ફાઈલ મોકલવામાં આવી હતી. પોતાનું ચલણ હોવાનું સમજી તેમણે ફાઈલ ઓપન કરી, જેનાથી તેમનો ફોન હેંગ થઈ ગયો હતો. ત્યારબાદ, તેમના બેંક ખાતામાંથી અલગ-અલગ ચાર ટ્રાન્ઝેક્શન દ્વારા લાખોની રકમ ઉપડી ગઈ હતી. ભોગ બનનારે તુરંત સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર જાણ કરી અને રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ BNSની કલમ ૩૧૮ (૪) અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નાગરિકોને અજાણ્યા નંબર પરથી આવતી કોઈ પણ લિંક કે ફાઈલ ડાઉનલોડ ન કરવા અપીલ કરવામાં આવી છે.


સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ



ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા માટે YouTube ચેનલમાં TIGER BORWELL સબસ્ક્રાઈબ કરો
કુવાના આડા બોર
૩ ઈંચ થી ૪।।। - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો
ટાઈગર TIGER BORWEL બોરવેલ
પિયુષભાઈ પટેલ મો.૯૮૨૫૨ ૧૨૬૭૪

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં: (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭
સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
6356560000
મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.